સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૯/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ભાદરવા સુદ-૨ વર્ષ : ૧૭ અંક : ૨૨૯


**સુવિચાર**

''અંગત વ્યકિત સાથેનું મનદુઃખ કમરનાં દુઃખાવા જેવું હોય છે. એ એક્ષ-રેમાં પણ ન આવે ને સરખા બેસવા પણ ન દે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## આવતીકાલ સોમવારથી જિલ્લાભરમાં ગણેશોત્સવનો આસ્થાભેર પ્રારંભ

# અમરેલીમાં ''દેવા ઓ દેવા ગણપતિ દેવા''નો નાદ ગુંજી ઉઠશે

જિલ્લાનાં નાના-મોટા દરેક શહેરો, ગ્રામ્ય વિસ્તારો અને લાખો ઘરમાં ગણપતિની સ્થાપના કરાશે

સતત ૧૦ દિવસ સુધી ગણેશ વંદના, આરતી, મહાપ્રસાદ તેમજ ધાર્મિક પ્રસંગો પણ યોજાશે

વિઘ્નહર્તા ગણેશજીનાં આગમનને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ ચુકી છે

સમગ્ર જિલ્લાની જનતા ૧૦ દિવસ સુધી ગણપતિ વંદના કરીને ધન્યતા અનુભવશે







અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં સોમવારથી ''દેવા ઓ દેવા ગણપતિ દેવા''નો નાદ ગુંજી ઉઠશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવની ઉજવણીનો જબ્બરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગણપતિની અવનવી અને આકર્ષક મૂર્તિઓની ખરીદી માટે પડાપડી થઈ રહી છે અને જિલ્લાભરમાં જુદા-જુદા મંડળો, સંસ્થાઓ ધ્વારા જાહેરમાં તો લાખો પરિવારોમાં પોતાના ઘરે-ઘરે ગણપતિની સ્થાપના કરાશે.

અમરેલી ખાતે સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન નાગનાથ મહાદેવ મંદિરમાં ૧૨૭ વર્ષથી તો સરકારવાડા વિસ્તારમાં પણ દાયકાઓથી ગણેશોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તો સીનિયર સિટીઝન પાર્ક, વરસડા રોડ સહિતનાં વિસ્તારોમાં પણ ગણપતિની સ્થાપના કરાશે.

તદઉપરાંત, સાવરકુંડલા, બાબરા, રાજુલા, લીલીયા, વડિયા, બગસરા, ધારી, ચલાલા, ચિતલ, લાઠી, દામનગર, જાફરાબાદ, વીજપડી, આંબરડી સહિત જિલ્લાભરમાં ગણેશોત્સવની તડામાર તૈયારીઓ થઈ રહી છે અને આગામી ૧૦ દિવસ સુધી ગણપતિ વંદના, મહાપ્રસાદ, મહાઆરતી, ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે અને સમગ્ર જિલ્લાની જનતાં ગણપતિમય બની ધન્યતા અનુભવશે.

### ખાંભા, રાજુલા અને સાવરકુંડલા પંથકમાં ઘટાટોપ વાદળોની સાથે

## અરે વાહ : જાફરાબાદનાં કોસ્ટલ વિસ્તારમાં ઘટાટોપ વાદળો વચ્ચે વરસાદી જમાવટ

ટીંબી, છેલણા, હેમાળ સહિતનાં વિસ્તારમાં વરસાદી ઝાંપટા





અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ જાફરાબાદનાં કોસ્ટલ વિસ્તારમાં આજે ઘટાટોપ વાદળો વચ્ચે વરસાદી ઝાંપટા પડયા હતા.

ખાંભા, રાજુલા અને સાવરકુંડલા પંથકમાં વાદળછાયુ વાતાવરણ જોવા મળયું હતું.

### ડિજિટલ યુગની શરૂઆતે પરેશાની વધી

## અમરેલી અને કેરાળા વિરડીયા ગામનાં યુવક સાથે છેતરપીંડી અને ઓનલાઈન ફ્રોડ

સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાનાં કેરાળા વિરડીયા ગામે આવેલ સ્વામીનારાયણ મંદિરની બાજુમાં જાળીયા રોડ ઉપર રહેતા કમલેશભાઈ હિંમતભાઈ વિરડીયા નામના ૩૬ વર્ષીય ખેડૂતનાં પશ્ચિમ બંગાળમાં રહેતા કોઈ અજાણ્યા આરોપી જેઓ સેંન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયાના એકાઉન્ટ નં. ૪૧૩૩૮ ૩૫૨૪૭નાં ધારક અબ્દુલ રજાક નામના ઈસમે ગત તા. ૫નાં રોજ કોઈપણ રીતે અપ્રમાણીકતાથી અલગ અલગ ઓ.ટી.પી. મેળવી લઈ આ ખેડૂતના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૮૭,૨૮૯.૮૫ મેળવી લઈ ખેડૂત સાથે છેતરપીંડી કાર્યની પોલિસમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં અમરેલીનાં લાઠી રોડ ઉપર આવેલ ગંગાવિહાર સોસાયટી, મોહનનગરની સામે, બ્લોક નં. ૩૨માં રહેતા નિહારપરી સુરેશપરી ગોસાઈ નામના ૧૯ વર્ષીય વિદ્યાર્થીને ગત તા. ૧૧/૭થી તા. ૯/૯ દરમ્યાન કોઈ અજાણ્યા આરોપીએ શેડો ફેકસ કુરીયર ફ્રેન્ચાઈજીનાં મેનેજર મો.નં. ૮૯૨૭૮ ૭૪૯૩૩ તથા મો.નં. ૮૨૮૦૮ ૪૨૯૨૦ તથા મેઈલ આઈ.ડી. Franchise.Onboarding @

અનુસંધાન પાના ૬ ઉપર


naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS)
દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

નામ નોંધાવવા માટે
(૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

// ખુશ ખબર //
નંદભુવન સોસાયટી
(પ્લોટીંગ સ્કીમ)
આકર્ષક ભાવે સ્કીમમાં બાકી રહેતા
ફકત ૨૫ પ્લોટ RS. 1,91,000/- પ્લોટ દીઠ ના ભાવથી વહેંચવાના છે
વહેલા તે પહેલા
કોન્ટેક : MO : 83568 49193
નંદભુવન સોસાયટી
ચિતલ રોડ, પ્રતાપપરા જવાના રસ્તે, ભાવકા ભવાની મંદિર પાસે, અમરેલી

અમરેલીનું સૌથી જુનું અને જાણીતું ટેસ્ટટ્યુબ બેબી (IVF) સેન્ટર
:: ઉપલબ્ધ યોજનાઓ ::
આયુષ્માન ભારત યોજના, મેડિકલેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ, GEB/GETCO ના કર્મચારી તથા તેમના પરિવારને કેશલેસ સારવાર
નોર્મલ તથા સિઝેરીયન ડિલીવરી, ગર્ભાશય (કોથળી) ના ઓપરેશન, વ્યંધત્વની સારવાર, સ્ત્રીરોગોની સારવાર
ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં વિજેતા થવાનાં ઉત્સાહ સાથે

# અમદાવાદમાં કોંગ્રેસનાં પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલનું દબદબાભેર સ્વાગત

**સોલાર-વિન્ડ પાવર કોરિડોરમાં ખેડૂતોને વન ટાઈમ કમ્પોન્સેશન સાથે કાયમી આવકનાં ભાગીદાર બનાવવા જોઈએ**

**સુરતનાં ૧૪ લાખ રત્નકલાકારો માટે વેલફેર બોર્ડ બનાવવા અને ટેક્સટાઈલ ઉદ્યોગને બચાવવો જરૂરી**

**૨૦થી વધારે પેપરલીક અને ગેરરીતિનાં મુદ્દે સરકાર સામે ઘેરાબંધી કરાશે**

**બંધારણીય હકો પર થઈ રહેલા હુમલા સામે કોંગ્રેસ અવાજ ઉઠાવશે**



અમદાવાદ, તા. ૧૨

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના નવનિયુકત પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલા (સાંસદ)નું આજે અમદાવાદ આગમન પર કોંગ્રેસના કાર્યકરો અને વરિષ્ઠ નેતાઓ દ્વારા ભવ્ય અને અભૂતપૂર્વ સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ સર્કલથી રાજીવ ગાંધી ભવન સુધી યોજાયેલી વિશાળ બાઈક રેલીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, એ.આઈ.સી.સી.ના સંગઠન સહપ્રભારીઓ, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં યુવા કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા. રાજીવ ગાંધી ભવન ખાતે માલધારી સમાજ તથા આદિવાસી સમાજ દ્વારા પરંપરાગત શૈલીથી નવનિયુકત પ્રભારીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રદેશ કાર્યાલય 'રાજીવ ગાંધી ભવન' ખાતે પદાધિકારીઓ અને વરિષ્ઠ આગેવાનો સાથે યોજાયેલી પ્રથમ વિસ્તૃત બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતાં રણદીપસિંઘ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની વિચારધારાનો જન્મ ગુજરાતની કૂખમાંથી થયો છે. ગાંધીજી અને સરદાર પટેલની આ ભૂમિ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ માટે માત્ર પ્રાંત નથી પરંતુ વૈચારિક, આધ્યાત્મિક અને સંગઠનાત્મક શકિતનો સ્ત્રોત છે. કોંગ્રેસ પક્ષ ગાંધીજીના ચાર મૂળભૂત મંત્રો સત્ય, સાહસ, સંગઠન અને આંદોલનને સાથે રાખીને એક નવા, શકિતશાળી, પ્રગતિશીલ અને રોજગારયુકત ગુજરાતના નિર્માણ માટે નવી શરૂઆત કરવા જઈ રહ્યો છે.

ખેડૂતોની સ્થિતિ અંગે વાત કરતાં રણદીપસિંઘ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છ સહિત ૨૦થી વધુ જિલ્લાઓમાં સોલર અને વિન્ડ પાવર કોરિડોરના નામે ખેતી નષ્ટ થવાના આરે છે. કોંગ્રેસ માંગ કરે છે કે ખેડૂતોને વન ટાઈમ કમ્પોન્સેશન (એક વખતનું વળતર) આપવાની સાથે કાયમી આવકના ભાગીદાર બનાવવામાં આવે, અને આ મુદ્દે ખેડૂતોના હિત માટે કોંગ્રેસ નવા આંદોલનની ભૂમિકા તૈયાર કરશે.

સુરતના ઉદ્યોગો અને શ્રમિકોના પ્રશ્નો અંગે ચિંતા વ્યકત કરતાં રણદીપસિંઘ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, સુરતમાં ૧૨થી ૧૪ લાખ ડાયમંડ વર્કર્સ આર્થિક સંકટમાં છે અને આંતરરાષ્ટ્રીય મંદી તેમજ નીતિઓના કારણે હીરાની નિકાસ ૨૪ બિલિયન ડોલરથી ઘટીને ૧૨ બિલિયન ડોલર થઈ ગઈ છે. તેમણે સુરતના હીરા કારીગરો માટે 'ડાયમંડ વર્કર્સ વેલફેર બોર્ડ'ની રચના કરવાની માંગ કરી હતી, જેથી બેરોજગારીના સમયે ૨૪ મહિના સુધી પગાર સુરક્ષા, સારવારનો ખર્ચ અને પરિવારને આર્થિક સહાય મળી શકે. આ ઉપરાંત સુરતના કાપડ ઉદ્યોગને સંકટમાંથી બહાર લાવવા ફેબ્રિક પરથી ૫% જીએસટી હટાવવા તેમજ જોબ વર્ક પર રાહત આપી સુરત, તિરૂપુર અને લુધિયાણા જેવા ટેકસટાઈલ સેન્ટર્સને પુનઃ ધમધમતા કરવાની માંગ પણ તેમણે કરી હતી.

રાજયમાં શિક્ષણ અને પેપર લીક અંગે બોલતાં રણદીપસિંઘ સુરજેવાલાએ જણાવ્યું હતું કે, રાજયમાં બીએએમએસ (આયુર્વેદિક યુનિવર્સિટી) સર્જરી પરીક્ષા સહિત ૨૦ જેટલા પેપર લીક થવાની ઘટનાઓ અત્યંત ચિંતાજનક છે અને યુવાનોના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ સામે કોંગ્રેસ આક્રમક રીતે અવાજ ઉઠાવશે.

આગામી દિવસોમાં પ્રદેશના તમામ નેતાઓ, ધારાસભ્યો અને પદાધિકારીઓ પોતપોતાના ક્ષેત્રના મુદ્દાઓ અને સૂચનો રજૂ કરશે. આ તમામ સૂચનોને એકત્રિત કરીને ગુજરાત કોંગ્રેસ દ્વારા 'નવા ગુજરાતનો નવો એજન્ડા' તૈયાર કરવામાં આવશે અને જનતાના પ્રશ્નોને વાચા આપવા મજબૂત આંદોલનાત્મક નીતિ બનાવવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવનિયુકત પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલાનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં આજે સમાજના તમામ વર્ગો વિવિધ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો આર્થિક પાયમાલીની સ્થિતિમાં ધકેલાઈ ગયા છે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સતત કથળી રહી છે, શિક્ષણ અને આરોગ્ય સામાન્ય જનતાને પોસાય નહીં એટલા મોંઘા બની રહ્યા છે અને મોંઘવારીના મારથી જનતા ત્રસ્ત છે. બીજી તરફ ગુજરાતના યુવાનો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ટીમ કોંગ્રેસ તરીકે સૌએ એક થઈને ગુજરાતની જનતાના પ્રશ્નો, હક અને અધિકાર માટે સામૂહિક રીતે લડાઈ લડવાની છે.

તેઓએ ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રભારી અને વરિષ્ઠ મહામંત્રી મુકુલ વાસનિકે આપેલા માર્ગદર્શન અને સહયોગને યાદ કરીને તેમનો વિશેષ આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, મુકુલ વાસનિકના માર્ગદર્શનનો ગુજરાત કોંગ્રેસના સંગઠનને સતત લાભ મળ્યો છે. હવે નવનિયુકત પ્રભારી રણદીપસિંઘ સુરજેવાલાના સંગઠનના બહોળા અનુભવનો લાભ ગુજરાત કોંગ્રેસના એક-એક કાર્યકર્તાને મળશે અને તેમના માર્ગદર્શન હેઠળ આગામી દિવસોમાં ગુજરાતના દરેક વર્ગના પ્રશ્નો અને હક માટે કોંગ્રેસ વધુ મજબૂતાઈથી જનતાની વચ્ચે રહીને લડત આપશે.

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, અંબાજીથી ઉમરગામ સુધી સમગ્ર ગુજરાતમાં જનતાની હાલાકી સતત વધી રહી છે. ખાસ કરીને આદિવાસી સમાજને ભાજપ સરકારના શાસનમાં સતત અન્યાયનો સામનો કરવો પડી રહ્યો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજ પર અત્યાચારની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. ભાજપ સરકાર બંધારણ દ્વારા આપવામાં આવેલા હક અને અધિકારો પર તરાપ મારી રહી છે. આવી સ્થિતિમાં ગુજરાતની જનતાની કોંગ્રેસ પક્ષ પાસેથી ખૂબ મોટી અપેક્ષા છે. કોંગ્રેસ પક્ષ જનતાના પ્રશ્નોને વાચા આપવા, વંચિત અને શોષિત વર્ગોના હક અને અધિકારો માટે અવાજ ઉઠાવવા તથા બંધારણીય મૂલ્યોના રક્ષણ માટે વધુ મજબૂતાઈથી લડત આપશે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૬૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંર્પક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241
























**પ્રકરણ-૩૦૦ -૧૯૬૭**

**પ્રિય વાચક મિત્રો,**

પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થતાં, ભગવાન શ્રી ગણેશજી આવી રહ્યા છે, તમામ વાચક મિત્રોને શ્રી ગણેશ ચતુર્થી ની શુભ કામનાઓ. અને સાથે તમામ વાચક મિત્રોને મારાથી કોઈ લખવામાં ભૂલ થઈ હોય તો મિછ્છામી ડુક્કડમ. અને આજે આપણાં ફિલ્મી સફરનો ૩૦૦ અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે, એટ્લે કે તમારી અને મારી મિત્રતા ૬ વર્ષ ઉપર થઈ ગઈ છે, આ સમયે **'અમરેલી એક્સપ્રેસ'** ના તંત્રી **શ્રી મનોજભાઈ** અને સહ તંત્રી **શ્રી મિલાપભાઈ** સહિત તમામ '**અમરેલી એક્સપ્રેસ'** ટીમનો આભાર વ્યક્ત કરૂં છુ.

૧૯૬૦ ના સમય માં દર્શકોને માત્ર મનોરંજન ફિલ્મોમાં વધુ રસ જાગ્યો છે. હેલેનના બે પગ ખુલ્લા રાખેલ કેબરે ડાન્સ જોવા, અને ફિલ્મમાં ફાઈટ, સસ્પેન્સ, રોમાન્સ, કોમેડી, અને થ્રીલર વધુ પસંદ આવવા લાગ્યા છે. આજની વિશ્વજિતની બન્ને ફિલ્મો સસ્પેન્સ, અને થ્રીલરની કહાની પર છે. બન્ને ફિલ્મોમાં સામ્યતા એ છે કે, બિશ્વજિત, માલા સિંહા, જહોની વોકર, હેલેન, આનંદ બક્ષસી, અને લક્ષ્મીકાન્ત પ્યારેલાલ સાથે છે. વિદેશમાં સિમેન્ટ રોડ અને ટોરા ટોરા જેવી રાયડ્સ તે સમયમાં આવી ચૂકી હતી. ફિલ્મમાં ખલનાયક ના અડ્ડા પણ જોવામળતા થઈ ગયા છે. ધૂમ્રપાન અહી સામાન્ય થઈ ગયું છે, ફિલ્મનો હીરો કે ખલનાયક ચૈન સ્મોકરની જેમ ધૂમ્રપાન કરતાં જોવા મળે છે.

# નજરના લગ જાયે કિસી કી રાહો મે, છુપા કે રખ લૂ.. આ માય લવ. બા-હોશો હવાસ મે દિવાના. મે આજ વસિયત કરતાં હું.. યે દિલ. જાં હરી ભરી વસુંધરા.. પર નીલા યે ગગન.. યે કૌન ચિત્રકાર હૈ.. યે કૌન




નાઈટ ઈન લંડન – બ્રિજના નિર્દેશનમાં, અને એસ કે કપૂર જેમના નિર્માણની આ પ્રથમ ફિલ્મ છે. આનંદ બક્ષીના ગીત અને લક્ષ્મીકાન્ત પ્યારેલાલના સંગીત સાથે રફી સાહેબના ઓલ ટાઈમ હિટ ગીત સાથે આ ફિલ્મ માં બિશ્વજિત, માલા સિંહા, બ્રિજ, મધુમતી, સૂર્ય કુમાર (જેમની આ પ્રથમ ફિલ્મ છે, તેમની વધુ માહિતી ઉપલબ્ધ નથી), રતન, હેલેન, જહોની વોકર, શેટી અને અનવર હુસેનથી રહી. આ ફિલ્મ વર્ષની ૧૪ નંબરની સફળ ફિલ્મ રહી. ફિલ્મનું નિર્દેશન એટલું સરસ છે કે, ફિલ્મ આજેપણ જોવામાં મજા આવે છે. બ્રિજ ઘણા સમયથી નિર્દેશન સાથે જોડાયેલા છે, અને તેઓ જાણીતા કલાકાર કમલ સદાના ના પિતા છે. ફિલ્મમાં શેટી એક આક્રમક ખલનાયકમાં જોવા મળે છે. શેટી વિષે પેહલા વાત થઈ ચૂકી છે, છ્તા તેઓ એક કોરિયો ગ્રાફર, ફાઈટમાસ્ટર અને અભિનેતા રૂપે હિન્દી સિનેમામાં ૧૯૫૬ થી સક્રિય છે, અને ૧૯૮૧ સુધી સક્રિય જોવા મળશે, તેઓ જાણીતા નિર્માતા નિર્દેશક રોહિત શેટીના પિતા છે. માથામાં વાળ ના હોય તેને આપણે શેટી કહીયે છીએ, પણ આ શેટી શબ્દએ જાણીતા કલાકાર શેટી પર થી પ્રચલિત થયો છે. જે આજે પણ કોઈના માથામાં વાળના હોય એટ્લે તેને શેટી ઉપનામ આપી દેવાય છે. શેટી એક એવા ખલનાયક છે, જે દુશ્મનને મારી જ નાખવા માંગે છે, આવા ક્રૂર ખલનાયક એટ્લે શેટી, જેની બોડી લંગવેજ જ એવી છે કે દુશ્મનના છ્ક્કા છૂટી જાય, તેની આંખો માં અજીબ પ્રકારનો ક્રોધ જોવા મળે એટ્લે શેટી. તેઓ ૨૩-૧-૮૨ ના રોજ અમર થયા.

ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, માલાના પિતાનું દેશના દુશ્મન અનવર અપહરણ કરી લે છે, અને માલાને તેના દાદા એ તેના મિત્રને આપેલ હીરાનો હાર જે લંડનમાં તેના દાદાના મિત્ર પાસે છે, ત્યાં થી લાવવા કહે છે. નહીં તો તેના પિતાની હત્યાની ધમકી આપે છે. તે હીરામાં દેશની સરહદના છુપા નકશા સમાયા છે. માલા લંડન પહોચી તે હીરા મેળવે છે, પણ ત્યાં શેટી તે હીરા મેળવવા તેનો દુશ્મન બની જાય છે, આ સંજોગો માં બિશ્વજિત અને તેનો ભાઈ જહોની તેની મદદ કરે છે, પણ બિશ્વજિત પણ તે હીરા સૂર્ય કુમાર ને વેચી દોલત મેળવવા માંગે છે, તે માલાને ખબર પડે છે, આવા સંજોગોમાં તેને કોઈ પર વિશ્વાસ આવતો નથી. પણ અંતે બિશ્વજિત એક લશ્કરનો

## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)


હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬


કેપ્ટન છે, તે માલાને ખબર પડે છે, અને બન્ને મળી તમામ દુશ્મનો સામે વિજય મેળવે છે. ફિલ્મ એક થ્રીલર ક્રાઈમ કહાની પર આધારિત છે, જે ઓમર ખૈયામની કહાની પર આધારિત છે. ફિલ્મના ગીત નજરના લગ જાયે કિસી કી રહો મે.. અને બા હોશો હવાસ મે દિવાના આજે પણ લોકપ્રિય છે. બક્ષીએ આ માય લવ ગીત એકદમ રોમાંટિક અંદાઝ માં લખ્યું છે, જેમ કે આ મેરી હસીન દિલરૂબા મેરે દિલ મે આ કે છૂપ જા, તુજ મે મુજે મે ફર્ક ના રહે.. આ કરીબ આ... જેવા શબ્દો માં માલા સિંહા વધુ આકર્ષક લાગે છે. ફિલ્મ સફળ રહી, પણ ફિલ્મનું શૂટિંગ મોટા ભાગે લંડન, સિંગાપુરમાં થયું હોવાથી, ફિલ્મ બજેટ મુજબ નફો મેળ વીના શકી અને એવેરેજ ફિલ્મ સાબિત થઈ.

જાલ-મોની ચેટરજી જેઓ બિમલ રોય જેવા નિર્દેશકના નીચે સહ નિર્દેશક રહ્યા છે, અને તેમના નિર્દેશનમાં મુજે જીને દો જેવી સવેન્દશીલ ફિલ્મ બનાવી છે, તેમના નિર્દેશનમાં આજની ફિલ્મએ સસ્પેન્સ ક્રાઈમ થ્રીલર ફિલ્મ છે. એ આર ખાનનું નિર્માણ, આનંદ બક્ષીના ગીત અને લક્ષ્મીકાન્ત પ્યારેલાલનું સંગીત અને બિશ્વજિત, માલા સિંહા, જહોની વોકર, હેલેન, નિરૂપા રોય, અસિત સેન, તરૂણબોજ, જગદીશ રાજ અને સૂજીત કુમારથી અભિનીત આ ફિલ્મ સફળના રહી. ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો, માલાના પિતા તેના મૃત મિત્રની પત્ની નિરૂપાને વચન આપી દીધું છે કે, તે માલાના લગ્ન નિરૂપાના પુત્ર જે ઝહાઝમાં કેપ્ટન છે, તે સૂજીત સાથે કરી આપશે.માલા અને સૂજીત એકબીજા ને જાણતા નથી, તેવા માં ખબર મળે છે કે સૂજીત એક બોટ અકસ્માતમાં મૃત્યુ પામ્યો છે, માલાના પિતા મૃત્યુ પહેલા માલા પાસે વચન લે છે કે તે નિરૂપાની સાથે રહેશે. નિરૂપા તેને તેડવા આવે છે, તે માલાને તેની હવેલી એ લઈ આવે છે, જે સમુદ્ર કિનારે છે. ત્યાં માલા સૂજીતનો ફોટો જુવે છે, સાથે એક અજનબી બિશ્વજિતના સંપર્ક માં આવે છે, જે એક પેટ્રોલ પંપનો માલિક છે, અને નિરૂપાની બાજુમાં તેના બીજા ઘરમાં ભાડે રહે છે, બન્ને વચ્ચે પ્રેમ સંબંધ બંધાઈ જાય છે. પણ નિરૂપાને આ સંબંધ પસંદ નથી, તે તોફાની રાતે




તેના ઘરે તેનો મૃત પુત્ર આવશે તેમ કહે છે. સૂજીત માલાને ઘાયલ સ્થિતિમાં વારંવાર જોવા મળે છે, એક તબબકે નિરૂપાસૂજીત જ તેનો પતિ છે, તેવું કહી માલાને પાગલ જેવી બનાવી દે છે, પણ બિશ્વજિત રહસ્ય પર થી પરદો ખોલે છે, કારણ તે સી.બી.આઈ ઈન્સ્પેકટર છે, સૂજીત જીવિત હતો, અને નિરૂપાની જગ્યા એ તેની બહેન હતી, નિરૂપા ગુજરી ગઈ હતી, આવું સસ્પેન્સ દર્શકોને સમજાયું નહીં. અને ફિલ્મ સફળના રહી. મોનીનું નિર્દેશન ફિલ્મના અંતે વેરવિખેર થઈ જાય છે, અને ફિલ્મ સમજાતી નથી. આ ફિલ્મ માં સૂજીત કુમારે ખલ નાયક ની ભૂમિકા ભજવી છે. સૂજીતનો જન્મ ૭-૨-૩૪ ના રોજ થયો હતો. તેઓ ૧૯૬૦ થી હિન્દી સિનેમામાં નાની ભૂમિકાઓ ભજવતા હતા, પણ આજની ફિલ્મ દ્વારા તેઓ એક મહત્વની ભૂમિકામાં જોવા મળ્યા, જો કે આ ફિલ્મમાં તેમનો સંવાદ ખૂબ જ ઓછો છે. સૂજીત ૧૯૬૯ની રાજેશ ખન્નાની આરાધના બાદ તેના મિત્ર બન્યા અને બન્નેએ સાથે ઘણી ફિલ્મો કરી. સૂજીત ચરિત્ર અને ખલ નાયક રૂપે ૧૯૯૪ સુધી સક્રિય રહ્યા, ૫-૨-૧૦ ના રોજ કેન્સરની બીમારીથી અમર થયા.

ફિલ્મ જાલમાં રફી સાહેબનું ગીત.. અકેલા હું મે.. તેમના રેર સોંગ પૈકી એક છે. ફિલ્મ સફળના રહી. હવે વાત કરીયે જીતેન્દ્ર ની.

જીતેન્દ્ર ૧૯૫૯માં નવરંગ ફિલ્મમાં દેખાયા હતા, ત્યારબાદ ૧૯૬૩ ની સહેરામાં પણનાની ભૂમિકામાં દેખાયા, અને ૧૯૬૪માં વી શાંતા રામે તેને હીરો બનાવ્યા, અને ફિલ્મ ગીત ગાયા પથ્થરોને જેમાં શાંતા રામની પુત્રી રાજશ્રીએ પણ કામ કર્યુ હતું. આ ફિલ્મ એવેરેજ સફળ રહી. જીતેન્દ્ર વી શાંતા રામની નજીકના સાથી કલાકાર હતા. તેઓ ૧૯૬૪ સુધી માત્રને માત્ર શાંતા રામ સાથે જ કામ કર્યુ હતું. પણ ૧૯૬૪ ની ફિલ્મ બાદ રાજશ્રીએ સફળતા મેળવી અને ધીમે ધીમે તેઓ તે સમયના જાણીતા કલાકાર, શમ્મી, શશિ, બિશ્વજિત સાથે દેખાયા, અને સફળ રહ્યા. પણ જીતેન્દ્રને કોઈ ફિલ્મના મળી, પણ ધીમે ધીમે તેના અગાઉની ફિલ્મોના કામ અને નસીબના સહારે ૧૯૬૭ તેમના માટે સફળતા લઈ આવ્યું, જીતેન્દ્રએ ૧૯૬૭ માં અલગ અલગ ભૂમિકામાં દેખાયા, જેમાં શિક્ષક, અને જેમ્સ બોન્ડની જેમ જાસૂસરૂપે જાણીતા બન્યા. આજે વી શાંતા રામ સાથેની તેમની ફિલ્મની વાત કરીયે.

બુંદ જોબન ગઈ મોતી-વી શાંતા રામનું નિર્માણ અને નિર્દેશન, ભરત વ્યાસના ગીત અને સતિશ ભાટિયાનું સંગીત જેમાં મુકેશજી અને સુમનજીના યાદગાર ગીતો સાથે આ ફિલ્મમાં જીતેન્દ્ર, મુમતાઝ, બિરબલ, લલિતા પવાર, નવા કલાકાર આકાશ દીપ અને વૈશાલીએ કામ કર્યુ હતું. તારક મેહતાના પોપટ લાલને આપણે છત્રીની સાથે જ જોયા છે, તેમ અહી શિક્ષક જીતેન્દ્ર હમેશા છત્રી સાથે જ જોવા મળે છે. ફિલ્મ એક શિક્ષક પર આધારિત છે, જે તેના ભાઈ આકાશને અભ્યાસ માટે બહાર મોકલે છે, પણ તે શરાબના વ્યસન માં અભ્યાસ પૂર્ણ કરતો નથી, પિતા સમાન ભાઈ સાથે ખોટું બોલે છે, સાથે વૈશાલી નામની યુવતીને કૂવારી માતા બનાવી તેની હત્યા કરે છે, તેનો આરોપ જીતેન્દ્ર પર આવે છે, પણ જીતેન્દ્રને ચાહતિ મુમતાઝ તેને કોર્ટમાં નિર્દોષ સાબિત કરે છે, પણ જીતેન્દ્રને ખબર પડે છે કે તે હત્યા તેના ભાઈ એ કરી છે તો તેને કાનૂનના હવાલે કરે છે. એક આદર્શ શિક્ષક રૂપે જીતેન્દ્રનો અભિનય અસરકારક છે, તેઓ મુમતાઝને મુખ્ય અભિનેત્રીરૂપે સ્વીકારતા ના હતા, પણ હમેશા નવા કલાકારોને પ્રોત્સાહિત કરતાં શાંતા રામ પાસે તેમનું ચાલ્યું ના હતું એક આદર્શ કથાની આ ફિલ્મ સફળના રહી, મુકેશજી ના સ્વરનું ગીત, યે કેન ચિત્રકાર હૈ, અને સુમનજી સાથે હા, મીને ભી પ્યાર કિયા યાદગાર ગીતો પૈકી એક છે. આગામી અંકમાં જીતેન્દ્રની સંગીત મય ફિલ્મો સાથે મળીશું. આભાર. હિતેશ જોશી

# ॥ અમૃત કુંભ ભરી લાવું પ્રેમનો..! ॥

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


એક સંતનું વ્યાખ્યાન ચાલતું હતું. ગામનો એક મોટો નગર શેઠ પોતાની સંપતિની વાત કરી સંતને કહયું. કંઈપણ કામ હોય તો મને કહેતો મારે ઘણી લાગવગ છે. આપની સેવાની મને તક આપજો. સંતે પાસે પડેલ એક સિક્કો આપીને કહયું. આ સિક્કો સાચવજો મને આવતા જન્મે પાછો આપજો શેઠને તુર્ત જ જ્ઞાન થયું. મરનાર તો ખાલી હાથે જ જાય છે. સિક્કો શું? આ બધી સંપતિ, ધન અહી જ પડયું રહેવાનું છે. ખરૂ ધન તો આગળ કામ લાગે એવું એક માત્ર પ્રભુ કેમ છે.

આપણે એ જ અખબારમાં કેવું વાંચીએ છીએ ? હૃદય શૂન્ય થઈ જાય નેપાળમાં પુરના પાણીએ અત્યંત તબાહી મચાવી એક હજાર માણસો મરી ગયા. પ્રકૃતિની સપાટે કેવી છે. ? કોરાનામાં હજારો - લાખો માણસો મૃત્યું પામયા મોરબીની જળ હોનારત ખરેખર તો માનવીય ભુલ હતી. આમ આપણે કુદરતથી કયારેય મોટા નથી. આપણું અભિમાન આપણને પતન તરફ લઈ જાય છે. કાલની કે આ ક્ષણ પછી શું? કોઈને ખબર નથી. તો પછી વેર - ઝેર છોડીને સુખ શાંતિથી સૌ સાથે હળી મળી પ્રેમથી જીવીએ વિશ્વમાં ખાસ કરીને ભારત પાકીસ્તાન, અન્ય દેશોમાં દર વરસે ૫ થી ૮ લાખ લોકો આત્મ હત્યા કરે છે. શા માટે? આપણા રોકેટો ભલે ચંદ્ર સુધી પહોંચે પણ પડોશીના હૈયા સુધી આપણે પહોચ્યા નથી. મનુષ્ય માત્રને પ્રેમ પ્રાપ્ત કરવાની ઝંખના હોય છે. કોઈપણ પોતાની વાત સાંભળે પોતાની પીડા સમજે. અગ્નિકાંડ કે અનેક અસાધ્ય રોગો સામે લડવાનું છે. ભીતરમાં ન વર્ણવી શકાય તેવો ભય, સન્નાટો મચાવે છે. ચિરનિંદ્રામાં સુતા દરરોજ લોકો વિશે જાણીને અત્યંત પીડા થાય છે. કે આપણે વાસ્તવિક જગતની ક્ષણભંગુરતા વિશે અજાણ છીએ પાણીના પરપોટા જેવી જિંદગી કયારેય ફુટી જશે? પ્રેમ, હુંફ, માયાના બંધનોને સમજાવે છે. આ હૈયાની હરણ કાળ કયાં સુધી? વિશ્વના ઘણા દેશોમાં યુધ્ધ ચાલે છે. આ યુધ્ધથી પર્યાવરણને માનવજાતીને પારીવાર નુકસાન છે.

વિશ્વ શાંતીનો મંત્ર કોઈ સાંભળતું નથી. જીવન અને મરણ અકળ રહસ્ય છે. સારા હોશિયાર, ડાહ્યા, કરૂણતા, કેટલું દુઃખદ !, આકાશના અંધકારમાં ઝગમગતા તારઓ આપણને બોધ આપે છે. "ટ્રસ્ટ ઈન ગોડ એન્ડ ડુ ધ રાઈટ" લડાઈમાં જે ઘાતક શસ્ત્રોની શોધ ઉત્પાદન થાય છે. તેના બદલે માનવજીવન સરળ, સુખમય બનાવે એની શોધ કરવી જોઈએ.

આપણે કલ્યાણનો માર્ગ શોધવાનો છે. આખી દુનિયાનું જ્ઞાન હોય, ગીતાના તમારા શ્લોક કંઠસ્થ હોય તો પણ સાચી સમજ, આત્મજ્ઞાન વિના અધૂરૂ છે. "જયાં લગી આત્મા તજય ચિન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જુઠી" કાલ સુધી વાતો કરતા હતા. આપણી ચિંતા કરતા હતા. તેવા પ્રિયજનનું મૃત્યું કયારેય સ્વીકાર્યા નથી. હૂંફ, સહારો, છીનવાય જતા વ્યકિત અસહય એકલતા અનુભવે છે. અત્યંત આઘાતજનક બનાવ હોવા છતાં તેમની પાછળ આત્મહત્યા કોઈ ભાગ્યે જ કરે છે થોડા સમય પહેલા અમદાવાદમાં એક નિવૃત/પ્રોફેસરે ભાષા વિજ્ઞાની અને ગુજરાતી ભાષાને ઘણા પુસ્તકો આપનાર શ્રી યોગેન્દ્રભાઈ વ્યાસ અને તેમના ધર્મપત્નીએ એક સાથે આત્મહત્યા કરી. એ સમાચાર છાપામાં વાંચી દુઃખ અને આશ્ચર્ય થયું હતું. આવા સમજું અને જ્ઞાની માણસ કોઈપણ પ્રકારના દુઃખ વગર આત્મહત્યા કરે તે કોઈ સ્વીકાર્ય બાબત નથી. અખબારમાં એમના એક પત્રની નોંધ આ રીતે હતી, "સરસ રીતે જીવી ગયા પછી સમાજનો બોજ બનીને જીવન એંચે રાખવું તેમા મંત્રી નહિ." પરવશતા આવે પછી જીવન પર પુર્ણ વિરામ કેમ નહિ ? આ બયાન જ્ઞાનની રીતે સમજદારી ભર્યુ હોય તો પણ આત્મહત્યા યોગ્ય નથી. અહી સુંદર પૃથ્વી ઉપર રહેવા માટે ઘણા કારણો છે. પ્રેમ, હુંફ, સ્નેહ, લાગણી, ચિંતા કાળજી રોગ-મૃત્યુંને પણ દુર હસેલે છે. દિલ્હીના એક વૈજ્ઞાનિક નાની ઉંમરમાં આત્મહત્યા કરી હતી. સમાજને આ વાંચીને જટકો લાગ્યો હતો. અહી આપણી આસપાસ ઘણી પ્રતિભાશાળી પુરૂષ-બહેનો છે. સમાજને માર્ગદર્શન આપ્યું છે. મનોચિકિત્સકો (પણ) જેવા વ્યકિતઓએ, ડોકટરોએ અધિકારીઓએ આત્મહત્યા કરી છે. આપણ તો માત્ર અનુમાનો કરવાના હોય છે. આમ કેમ થયું ? આત્મહત્યા નિવારવાના ઉપાયો છે. ઈશ્વરમાં અતૂટ વિશ્વાસ બધુ સારૂ થશે જ બધુ સારૂ થવા તરફ સમય જાય છે. "ધીરજ સમજ નહિ ધન, વાઢે વિષદના વન, "મિત્રો આગળ નિખાલસથી પ્રશ્નોની ચર્ચા કરો. અંગત પ્રશ્નોના ઉકેલ માર્ગો ખુબ પ્રેમભર્યુ, લાગણી સંભર હુંફાળ ા, ઉષ્માભર્યા સંબંધો સૌ સાથે રાખો. મેડીકલ સાયન્સે સ્વીકાર્યુ છે. કે સોહામણા સંબંધો, પ્રેમ, સારા પોઝીટીવ વિચારો, હિલીંગકોડ છે. જે સમગ્ર દવા નિષ્ફળ જાય તો પણ હિલીંગકોડ ટેકો આપે છે. આનંદ આપે છે. મગજને તંદુરસ્તા સાજા થવાનાં રસાયણો બનાવે છે. આશા, વિશ્વાસ, પ્રાર્થના, પ્રેમનો અમૃતકુંભ છે. જેની સ્થાપના દરેકે હૃદયમાં કરવી જોઈએ. આ દિવસો પણ જશે. સારૂ થશે હવા, આકાશ, ધરતી વૃક્ષો સાથે હજી ઘણી વખતો કરવાની બાકી છે. સુંદર ગીતો સાંભળવા, ધ્યાન, યોગ, પ્રાણાયમ, પૂજા, પાઠ, સારા ફકરાઓ વાંચો, આનંદ વિકચરતો ડાયલોગ- જિંદગી લંબી નહિ બડી હોની ચાહિએ." અવનીનું અમૃત પીવા મનની બારીઓ ઉઘાડી રાખો.... રાખીએ..... !

**(અપૂર્ણ)**

# શિવ મહાપુરાણ અનુસાર ભગવાનશ્રી ગણેશાની દિવ્ય ઉત્પત્તિ અને લીલાકથા

શિવમહાપુરાણની રૂદ્રસંહિતા અંતર્ગત આવેલ 'કુમારખંડ'માં વિઘ્નહર્તા ભગવાનશ્રી ગણેશજીના પ્રાગટ્યની અત્યંત પાવન અને દિવ્યકથા વર્ણવવામાં આવી છે. પુરાણોમાં વર્ણવ્યા અનુસાર કલ્પભેદથી ગણેશજીના જન્મની વિવિધ કથાઓ પ્રાપ્ત થાય છે. એક કલ્પમાં શનિદેવની વક્ર દ્રષ્ટિ પડવાથી ગણેશજીનું મસ્તક છેદાઈ ગયું હતું અને તેમના પર હાથીનું મસ્તક જોડવામાં આવ્યું હતું પરંતુ વર્તમાન શ્વેતવરાહ કલ્પમાં ભગવાન શિવ અને માતા પાર્વતીની અદભૂત લીલા દ્વારા ગણેશજીનો જન્મ કેવી રીતે થયો, તેમનો શિરચ્છેદ અને પુનર્જીવન કેવી રીતે થયું તેનું અત્યંત રોચક અને અધ્યાત્મથી સભર વર્ણન શિવમહાપુરાણમાં મળે છે.

**સ્વતંત્ર ગણની આવશ્યકતા અને ગણેશજીનું નિર્માણ..**

ભગવાન શંકર સૃષ્ટિના આદિ કારણ, સગુણ અને નિર્ગુણ પરબ્રહ્મ છે,તેમના વિવાહ પશ્વાત જયારે તેઓ કૈલાસ પર્વત પર વિરાજમાન હતા ત્યારે એક સમયે જગતજનની માતા પાર્વતી પોતાની પ્રિય સખીઓ જયા અને વિજયા સાથે ચર્ચા કરી રહ્યાં હતાં. સખીઓએમા પાર્વતીને નિવેદન કર્યુ કે 'હે દેવી ! નંદી, ભૃંગી, મહાકાળ વગેરે સમસ્ત પ્રમથગણો કેવળ ભગવાન શિવની આજ્ઞાનું પાલન કરનારા છે, તેઓ શિવજીના આદેશ વગર દ્વાર પર કોઈને અટકાવતા નથી. આપણું પોતાનો કોઈ સ્વતંત્ર ગણ નથી જે ફક્ત આપણી આજ્ઞાનું પાલન કરે, તેથી આપે પણ એક એવા ગણની રચના કરવી જોઈએ જે માત્ર આપના પ્રત્યે સમર્પિત હોય.'

માતા પાર્વતીને આ વિચાર અત્યંત યોગ્ય લાગ્યો. એક દિવસ જયારે મા પાર્વતી સ્નાન કરવા માટે જઈ રહ્યાં હતાં ત્યારે તેમણે પોતાના શરીરના દિવ્ય મર્દન - ઉબટનમાંથી સર્વલક્ષણ સંપન્ન, અત્યંત સુંદર, મહાબળવાન, વિશાળકાય અને પરાક્રમી બાળકની આકૃતિ બનાવી, તેમાં પ્રાણ પૂરીને એક દિવ્ય પુત્રનું નિર્માણ કર્યુ. માતા પાર્વતીએ તેમને ઉત્તમ વસ્ત્રો, દિવ્ય આભૂષણો અને શ્રેષ્ઠ આશીર્વાદ આપ્યા. ગણેશજીએ માતાને પ્રણામ

**: આલેખન :**



સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યુ ને ભગવાન શિવ પ્રગટ થયા તે હર હર સોમનાથ દાદા....


શ્રી વિનોદભાઈ માછી નિરંકારી
તાવીવાડી તા.શહેરા, જી. પંચમહાલ




કરીને પૂછયું 'હે મા ! મારા માટે શો આદેશ છે ? 'માતા પાર્વતીએ તેમના હાથમાં એક દંડ-લાઠી આપીને કહ્યું કે 'હે પુત્ર ! આજથી તું મારો દ્વારપાળ છે. મારી સંમતિ વગર કોઈપણ વ્યક્તિ અંદર પ્રવેશ કરી શકવી જોઈએ નહીં.''

**શિવજી સાથે ગણેશજીનો અજ્ઞાત સંગ્રામ..**

જયારે માતા પાર્વતી સ્નાન કરી રહ્યાં હતાં ત્યારે પરમ કૌતુકી ભગવાન શિવજી કૈલાસના પોતાના ભવન તરફ આવ્યા. બાલ ગણેશ પોતાના પિતા શિવજીના સ્વરૂપથી અજ્ઞાત હતા. માતાના આદેશનું અક્ષરસ : પાલન કરતા બાળકે શિવજીને રોકયા અને કહ્યું કુ 'હે દેવ ! મારી માતાની આજ્ઞા વગર આપ અંદર પ્રવેશ કરી શકો નહીં.' ભગવાન શિવજીએ આશ્વર્ય પામીને કહ્યું કે 'હે અજ્ઞાની બાળક ! તું કોને રોકી રહ્યો છે ? તું મને ઓળખતો નથી ? હું પાર્વતીનો પતિ શિવ છું અને આ મારૂં જ ઘર છે.' આમ કહી જેવા શિવજી અંદર પ્રવેશ કરવા ગયા કે તુરંત બાળ ગણેશે પોતાની લાઠી વડે શિવજી પર પ્રહાર કર્યો. શિવજીએ પોતાના ગણોને આ બાળ કની ઓળખ મેળવવા અને તેને સમજાવવા મોકલ્યા તથા સ્વયં એક કોશ દૂર જઈને એક શિલા પર બિરાજમાન થયા.

નંદી, ભૃંગી વગેરે શિવગણોએ આવીને બાળકને કહ્યું કે 'અમે ભગવાન શિવના મુખ્ય ગણ છીએ. તું અહીંથી હટી જા, નહિતર તારે યુદ્ધ કરવું પડશે 'પરંતુ ગણેશજી પોતાના ક્ષાત્રધર્મ અને માતૃભક્તિ પર દ્રઢ રહ્યા, તેમણે તમામ શિવગણો પર પ્રહાર કરીને તેમને પરાસ્ત કરી ભગાડી મૂકયા.

**દેવો-ૠષિઓ અને મહાવિનાશક યુદ્ધ..**

શિવગણોની પરાજયના સમાચાર સાંભળીને શિવજીએ પોતાના પાર્ષદો, ઈન્દ્રાદિ દેવતાઓ, ભૂત-પ્રેત, પિશાચો અને ભગવાન વિષ્ણુને પણ યુદ્ધ મોરચે મોકલ્યા. બ્રહ્માજી સ્વયં શાંતિનો પ્રસ્તાવ લઈને ગયા પરંતુ ક્રોધિત ગણેશજીએ બ્રહ્માજીની દાઢી પકડી લીધી. બ્રહ્માજીએ ક્ષમા માંગીને શાંતિની વિનંતી કરી.આ ગંભીર પરિસ્થિતિ જોઈને માતા પાર્વતીએ પોતાના ગણની સહાયતા માટે બે પ્રચંડ શક્તિઓ ઉત્પન્ન કરી. એક શક્તિએ કાળા પર્વત જેવું વિશાળ મુખ ફેલાવ્યું અને બીજી વિદ્યુત સમાન ચિરંતન તેજસ્વી મહાદેવી હતી. દેવતાઓએ છોડેલાં તમામ અસ્ત્ર - શસ્ત્ર આ શક્તિઓએ ગળી લીધાં. બાલ ગણેશના અદભૂત પરાક્રમ સામે ત્રિલોકના સમસ્ત દેવતાઓ અને શિવગણો નિષ્ફળ સાબિત થયા.

છેવટે ભગવાન વિષ્ણુએ વિચાર્યુ કે આ બાળક છળ વગર પરાસ્ત થઈ શકે તેમ નથી. ભગવાન વિષ્ણુએ પોતાની માયાથી બાળ ગણેશનું ધ્યાન ભંગ કર્યુ. આ તકનો લાભ લઈને ભગવાન શિવજીએ પોતાના પિનાક ધનુષ્ય અને ત્રિશૂળના પ્રહારથી બાળ ગણેશનું મસ્તક છેદી નાખ્યું.

**જગદંબાનો ક્રોધ અને દેવતાઓની સ્તુતિ..**

પોતાના પુત્રનો શિરચ્છેદ થયેલો જોઈ માતા પાર્વતી અત્યંત કોપાયમાન થયાં, તેમણે પ્રલય લાવવા માટે કરોડો શક્તિઓને પ્રગટ કરી. આ શક્તિઓએ સમગ્ર ચરાચર જગતમાં હાહાકાર મચાવી દીધો. અગ્નિ જેમ સુકા ઘાસને બાળી મૂકે તેમ આ શક્તિઓ સંહાર કરવા લાગી. બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી સહિત સમસ્ત ત્રિલોક ભયભીત થઈ ગયું. દેવતાઓની વિનંતીથી દેવર્ષિ નારદ અને ૠષિગણો માતા પાર્વતીની સ્તુતિ કરવા પહોંચ્યા. નારદજીએ કહ્યું કે 'હે જગદંબે ! આપ આદિશક્થિ છો, સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરનારી પરાશક્થિ છો. આપ શાંત થાઓ, આપના ક્રોધથી ત્રણેય લોક ભસ્મીભૂત થઈ રહ્યા છે.''

માતા ચંડીકાએ શાંત થઈને શરત મૂકી કે 'જો મારો પુત્ર પુન : જીવિત થાય અને તેને સમસ્ત દેવતાઓમાં પ્રથમ પૂજય તથા ગણોના અધ્યક્ષનો દરજ્જો આપવામાં આવે તો જ આ પ્રલય અટકશે અને શાંતિ સ્થપાશે.

**ગણેશજીનું પુનર્જીવન અને પ્રથમ પૂજયતાનો અધિકાર..**

ભગવાન શિવે કલ્યાણકારી આદેશ આપ્યો કે 'ઉત્તર દિશા તરફ જાઓ અને જે પણ પ્રાણી પ્રથમ મળે અને જેનું મોઢું દક્ષિણ તરફ ન હોય તેનું મસ્તક કાપીને લઈ આવો.'શિવગણો ઉત્તર દિશા તરફ ગયા જયાં તેમને એકદંત ધરાવતો દિવ્ય હાથી મળ્યો. ગણોએ તે હાથીનું મસ્તક કાપીને બાળક ગણેશના ધડ પર ગોઠવી દીધું.ભગવાન શિવ, બ્રહ્માજી અને વિષ્ણુજીએ મંત્રોચ્ચાર કરી તેમાં પોતાનું તેજ પ્રવિષ્ટ કર્યુ. બાળ ગણેશ સજીવન થઈ ઊઠયા. ભગવાન શિવે તેમને પોતાના સમસ્ત ગણોના સ્વામી બનાવી 'ગણેશ' અને 'ગણાધ્યક્ષ' નામ આપ્યું. શિવજીએ આશીર્વાદ આપ્યા કે 'ભાદ્રપદ માસના શુકલ પક્ષની ચતુર્થી - ભાદરવા સુદ ચોથના દિવસે તમારો જન્મ થયો છે. આ દિવસે જે મનુષ્ય વ્રત - પૂજન કરશે તેના તમામ વિઘ્નો દૂર થશે અને મનોકામનાઓ પૂર્ણ થશે.

**પૃથ્વી પરિક્રમા, બુદ્ધિચાતુર્ય અને વિવાહ..**

સમય વિતતા ગણેશજી અને કાર્તિકેયજી મોટા થયા. માતા - પિતાએ તેમના વિવાહનો વિચાર કર્યો ત્યારે બંને ભાઈઓમાં પ્રથમ વિવાહ કોનો થાય તે અંગે સ્પર્ધા થઈ. ભગવાન શિવ અને માતા પાર્વતીએ શરત મૂકી કે 'તમારામાંથી જે સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા સૌથી પહેલા કરીને આવશે તેનો વિવાહ પ્રથમ કરવામાં આવશે. 'આ સાંભળીને શ્રીકાર્તિકેયજી પોતાના વાહન મયૂર પર સવાર થઈને પૃથ્વી પરિક્રમા માટે નીકળી પડયા પરંતુ બુદ્ધિના દાતા ગણેશજીએ વિચાર્યુ કે તેમનું વાહન મૂષક - ઉંદર છે અને તેઓ ભારે શરીરવાળા છે તેથી દોડમાં જીતવું સરળ નથી. ગણેશજીએ શ્રદ્ધાપૂર્વક માતા પાર્વતી અને પિતા શિવજીને એક આસન પર બેસાડી તેમની પૂજા કરી અને સાતવાર પ્રદક્ષિણા કરી.

જયારે માતા - પિતાએ પૂછયું ત્યારે વિદ્વાન ગણેશજીએ કહ્યું કે 'શાસ્ત્રો અને વેદોનો નિશ્વય છે કે માતા - પિતાની પ્રદક્ષિણા કરવાથી સમુદ્રપર્યંત સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું ફળ પ્રાપ્ત થાય છે. માતા - પિતાના ચરણ કમળ જ પુત્ર માટે સમસ્ત તીર્થો સમાન છે.

ગણેશજીની આ ઉત્તમ બુદ્ધિ અને માતૃ - પિતૃ ભક્થિી પ્રસન્ન થઈને શિવ - પાર્વતીએ પ્રજાપતિ વિશ્વરૂપની બે દિવ્ય કન્યાઓ સિદ્ધિ અને બુદ્ધિ સાથે તેમના વિવાહ સંપન્ન કરાવ્યા. કાળ ક્રમે સિદ્ધિથી ક્ષેમ - શુભ અને બુદ્ધિથી લાભ નામના બે પુત્રોનો જન્મ થયો. જયારે કાર્તિકેયજી પૃથ્વી પરિક્રમા કરીને પાછા ફર્યા અને ગણેશજીના લગ્ન થઈ ગયાનું જાણ્યું ત્યારે તેઓ નારાજ થઈને ક્રૅચ પર્વત પર ચાલ્યા ગયા.

# ચલાલા : શ્રાવણ માસ અમાસ નિમિત્તે બ્રહ્મભોજન (બ્રહ્મ ચોર્યાસી) નું આયોજન



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ અને લંડન ગૃપ ધ્વારા શ્રાવણ માસ અમાસ નિમિત્તે ચલાલા અને મીઠાપુર (ડું) નાં સમસ્ત બ્રહ્મ સમાજ જ્ઞાતિનું બ્રહ્મભોજન (બ્રહ્મ ચોર્યાસી) નું આયોજન ભકિતભાવ અને સેવાભાવ સાથે કરવામાં આવ્યું હતું. પ.પુ. ડો. રતિદાદાનાં આશીર્વાદ તથા ભારતભુષણ મહેશભાઈ મહેતાનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ પ્રસંગે ૨૫૦થી વધુ બ્રાહ્મણ દેવતાઓ તથા ઉ૫૦થી વધુ બાળકોએ ભોજનનો પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ પ્રસંગે ખોડુદાદા, સનતદાદા, મનસુખદાદા, સુરેશભાઈ, મુકેશભાઈ સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. બ્રાહ્મણ દેવતાઓનું સન્માન કરી દરેકને દક્ષિણા તથા એક બોલપેન ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. ભોજન બાદ ઉપસ્થિત સૌ માટે આઈસક્રીમની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શીતલબેન મહેતા સહિત સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **વરસાદની નોંધપાત્ર ઘટ**

નોંધાયો છે. જયારે રાજુલા તાલુકામાં સૌથી વધુ ૬૯.૫૫ ટકા વરસાદ નોંધાયો હોવાનું સરકારી આંકડાઓ પરથી સામે આવ્યું છે.

અમરેલી જિલ્લામાં ચોમાસાની શરૂઆતનાં દિવસોમાં સારો વરસાદ નોંધાયા બાદ હવે વરસાદે લાંબો વિરામ લીધો હતો. પરિણામે જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વાવેતર કરાયેલા પાકને વરસાદની જરૂરિયાત ઊભી થઈ હતી. વરસાદ ખેંચાતા ખેડૂતોમાં પાકના ઉત્પાદન અંગે ચિંતા જોવા મળી રહી હતી. જો કે છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં પલટો આવ્યો છે અને જિલ્લાનાં વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાપટાં તથા કયાંક ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોમાં ફરી આશાનું કિરણ જોવા મળ્યું છે.

અમરેલી જિલ્લાનાં ૩૦ વર્ષનાં સરેરાશ વરસાદનાં આંકડા સાથે વર્તમાન વરસાદની સરખામણી કરીએ તો, ચાલું વર્ષે જિલ્લામાં હજુ વરસાદની ઘટ સ્પષ્ટ દેખાય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૦.૯૩ ઈંચ વરસાદ નોંધાયો છે. સામાન્ય રીતે ૩૦ વર્ષનાં સરેરાશ વરસાદની સામે આ પ્રમાણ ૭૪.૩૬ ટકા જેટલું થાય છે. એટલે હજુ પણ સામાન્ય વરસાદની સરખામણીએ આશરે ૨૫.૬૪ ટકાની ઘટ રહે છે.

ચાલું વર્ષે વરસાદનાં આ આંકડા ખેડૂતો માટે ચિંતા જનક છે, પરંતુ તાજેતરમાં પડેલા વરસાદને કારણે આગામી દિવસોમાં સ્થિતિ સુધરવાની આશા વ્યક્ત થઈ રહી છે.

તાલુકાવાર વરસાદનાં આંકડા પર નજર કરીએ તો રાજુલા તાલુકામાં અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૮.૬૬ ઈંચ વરસાદ નોંધાયો છે. ૩૦ વર્ષનાં સરેરાશ વરસાદની સરખામણીએ રાજુલામાં વરસાદનું પ્રમાણ ૬૯.૫૫ ટકા જેટલું છે. રાજુલા બાદ સાવરકુંડલા તાલુકામાં ૨૩.૨૪ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સરેરાશની સામે ૮૧.૬૩ ટકા જેટલો વરસાદ થાય છે. અમરેલી તાલુકામાં ૨૨.૪૪ ઈંચ વરસાદ સાથે ૯૮.૨૮ ટકા વરસાદ નોંધાયો છે, જયારે લીલીયામાં ૨૨.૮૦ ઈંચ વરસાદ નોંધાયો છે. લીલીયા તાલુકામાં સરેરાશની સામે ૮૬.૯૬ ટકા વરસાદ નોંધાયો છે.

કુંકાવાવ–વડીયા તાલુકામાં ૨૨.૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે અને સરેરાશની સામે ૯૬.૦૩ ટકા વરસાદ થયો છે. ખાંભા તાલુકામાં ૨૦.૩૬ ઈંચ વરસાદ સાથે ૯૬.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. બગસરા તાલુકામાં ૨૨.૨૪ ઈંચ વરસાદ નોંધાયો છે, જે સરેરાશની સામે ૯૨.૩૪ ટકા જેટલો થાય છે.

બીજી તરફ બાબરા તાલુકામાં અત્યાર સુધીમાં ૧૬.૮૪ ઈંચ વરસાદ નોંધાયો છે અને સરેરાશની સામે વરસાદનું પ્રમાણ ૫૮.૫૯ ટકા જેટલું રહ્યું છે. લાઠી તાલુકામાં ૧૭.૯૨ ઈંચ વરસાદ સાથે ૬૮.૨૯ ટકા વરસાદ નોંધાયો છે. ધારી તાલુકામાં ૧૫.૬૮ ઈંચ વરસાદ પડયો છે, જે સરેરાશની સામે ૫૩.૨૩ ટકા જેટલો છે. જિલ્લામાં સૌથી ઓછો વરસાદ જાફરાબાદ તાલુકામાં નોંધાયો છે. જાફરાબાદમાં અત્યાર સુધીમાં ૧૫.૬૮ ઈંચ વરસાદ પડયો છે અને ૩૦ વર્ષનાં સરેરાશની સામે માત્ર ૪૫.૦૩ ટકા વરસાદ નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં વરસાદની સ્થિતિ તાલુકાવાર અલગ અલગ જોવા મળી રહી છે. ખાસ કરીને દરિયાકાંઠાનાં રાજુલા–જાફરાબાદ પંથકમાં વરસાદનાં પ્રમાણમાં મોટો તફાવત જોવા મળે છે. રાજુલામાં જિલ્લામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, જયારે તેની નજીકનાં જાફરાબાદમાં સૌથી ઓછો વરસાદ નોંધાતા ખેડૂતોની સ્થિતિ પણ અલગ અલગ જોવા મળી રહી છે. વરસાદની ખેંચનાં કારણે કેટલાક વિસ્તારોમાં પાકને પૂરતું પાણી મળવામાં મુશ્કેલી ઊભી થઈ છે.

વરસાદનાં તાજેતરનાં ઝાપટાંથી ખેતરોમાં ભેજનું પ્રમાણ વધ્યું છે અને વરસાદની વધુ આશા ખેડૂતોમાં જાગી છે. જો આગામી દિવસોમાં પણ મેઘરાજા મહેરબાન રહે અને સારો વરસાદ થાય તો અત્યાર સુધીની ઘટમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને મગફળી, કપાસ સહિતનાં ખરીફ પાક માટે આગામી વરસાદ અત્યંત મહત્વનો બની શકે છે. હાલ ખેડૂતોની નજર આકાશ તરફ મંડાયેલી છે અને મેઘરાજા વધુ મહેર વરસાવે તેવી પ્રાર્થનાં કરી રહ્યા છે.

જિલ્લામાં સીઝનનો સરેરાશ વરસાદ હજુ ૭૪.૩૬ ટકા જેટલો જ રહ્યો હોવા છતાં તાજેતરનાં વરસાદી માહોલે ખેડૂતોમાં નવી આશા જગાવી છે. લાંબા વિરામ બાદ મેઘાવી વાતાવરણ સર્જાતા ખેતરોમાં ફરી હરિયાળી જોવા મળે અને વરસાદની ઘટ પૂરી થાય તેવી આશા ખેડૂતો રાખી રહ્યા છે. હવે આગામી દિવસોમાં વરસાદ કેવો રહે છે તેના પર અમરેલી જિલ્લાનાં ખેતી પાકો અને ખેડૂતોની મોસમની આશા–નિરાશાનો મોટો આધાર રહેશે.

પાના ૮ ઉપરનું ચાલું **વડિયા–કુંકાવાવ પંથકમાં ઉભા પાકને**

રજુવાત સાંભળીને દુષ્કાળનાં ભણકારા વચ્ચે સૌની યોજનાં પાણી છોડી ખેડૂતોની વહારે આવે છે કે પછી ખેડૂતોનાં પાક સિંચાઈનાં અભાવે નિષ્ફળતા તરફ જાય છે તે તો આવનારો સમય જ બતાવશે. વાસ્તવમાં હાલ ખેડૂતોનાં ઉભા પાકને બચાવવો ખુબ જરૂરી છે અને સૌની યોજનાથી નર્મદાનાં નીર છોડીને પાકને બચાવી શકાય તેમ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીનાં બોરડી ગામનાં ખેડૂતને**

પાસેથી અવાર નવાર પૈસાની માંગણી કરતા આરોપીએ વાયદાઓ કરેલ હતા. અને ગત તા.૭/૯/૨૬નાં રોજ સવારનાં આશરે દશેક વાગ્યે ખેડૂતે આરોપીને ફોન કરી પૈસાની માંગણી કરતા આ આરોપીએ આ ખેડૂતને કહેલ કે હું વાડીએ છું. તેમ કહેતા આ ખેડૂત આ આરોપીની વાડીએ ગયેલ હતા.

ત્યાં ખેડૂતે આરોપી પાસેથી પોતાના પૈસાની માંગણી કરતા ત્યાં હાજર બીજા આરોપી અશ્વિનગીરી સુંદરગીરી ગોસાઈએ રૂપિયા ૨,૦૦,૦૦૦ આપશુ તેમ જણાવતા ખેડૂતે ફોન કાઢી વીડીઓ ઉતારતા આરોપીઓને સારૂ નહી લાગતા ખેડૂતને બે જાપટ મારી ઝપાઝપી કરેલ હતી. અને લાકડી લઈ મારવા દોડેલ હતા. અને ખેડૂતને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી મનફાવે તેમ ગાળો આપ્યાની રમેશભાઈ જીવાભાઈ બોરીચાએ પોલીસમાં ફરિયાદ કરેલ છે.

**CHANGE OF NAME & ADDRESS**

I The undersigned declarant, **Dhara Vivekkumar Joshi,** here by declare that my old name and address have been changed.

My old name was **Dharaben Vivekkumar Joshi** and My old addrss was Block A-67, Avadh Residency, Chittal Road, Amreli,-365601.

The Same have been Change to :

**Name : Dhara Vivekkumar Joshi**

**Address :** Block B-25, Avadh Residency, Chittal Road, Amreli-365601

Therefore, henceforth, I Shall be Known and identified by the above-mentioned name and address.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે યોજાયેલ આંત્તર કોલેજ હોકી સ્પર્ધામાં

# અમરેલીની માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની ટીમે ચેમ્પીયન બની ગૌરવ વધાર્યુ

### આગામી દિવસોમાં ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેશે

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ, અમરેલીની મહિલા હોકી ટીમે તા. ૧૦/૯/૨૦૨૬નાં રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ધ્વારા આયોજીત અને સખીદા કોલેજ લીંબડી ધ્વારા સંચાલિત ઈન્ટર કોલેજ બહેનોની હોકી સ્પાર્ધામાં ભાગ લીધેલ, જેમાં મોંઘીબા મહિલા કોલેજની ટીમે સતત પાંચમી વાર ચેમ્પિયન બની કોલેજને વધુ એક સિધ્ધિ પ્રાપ્ત કરાવી કોલેજનું ગૌરવ વધારેલ છે.

આ સ્પર્ધામાં જોગીસા રૂબિના (કેપ્ટન), ચાવડા ધર્મિષ્ઠા, રાઠોડ વૈશાલી, ચાવડા શિલ્પા, ગોરૈયા સેજલ, ચાવડા પ્રેજલતા, દાફડા હેતલ, દાફડા નયંતી, બ્લોચ અલ્ફિઝા, રાનાણી શાન્તુ, પરમાર વિશાખા, માધડ લાસા, માધડ લક્ષ્મી અને માધડ મનીષા વગેરે ખેલાડીઓએ ભાગ લીધો. આગામી દિવસો દરમ્યાન યોજાનાર ઈન્ટર યુનિવર્સિટીની સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હોકીની ટીમ વેસ્ટ ઝોન રમવા જશે. જેમાં મોંઘીબા મહિલા કોલેજની છ ખેલાડીઓ જોગીયા રૂબિના, ચાવડા ધર્મિષ્ઠા, રાઠોડ વૈશાલી, ચાવડા શિલ્પા, ગોરૈયા સેજલ તથા ચાવડા પ્રેજલતા પ્રતિનિધિત્વ કરશે.



આ ચેમ્પિયનશીપ માટે કોલેજનાં શારીરિક શિક્ષણ વિભાગના ડો. જયશ્રીબેન મકવાણા ખુબ જ જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સિધ્ધિ હાંસલ કરવા બદલ ડો. જયશ્રીબેન મકવાણા તથા તમામ ખેલાડીઓને કોલેજનાં ઈન્ચાર્જ આચાર્ય ડો. વિલાસબેન સોરઠિયા, અમરેલી જિલ્લા વિદ્યાસભાનાં ટ્રસ્ટીગણ તથા કોલેજનાં તમામ સ્ટાફ મિત્રોએ ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **છેતરપીંડી અને ઓનલાઈન ફ્રોડ**

Shadowfax. llc તરીકે પોતે મેનેજર હોવાની ખોટી ઓળખ આપી વિદ્યાર્થીને શેડો ફેકસ કુરીયર ફ્રેન્ચાઈજી ખોલાવી આપવાની લાલચ આપી વિદ્યાર્થી પાસે જુદા જુદા આઠ ટ્રાન્જેકશન પેમેન્ટ બે ખાતા જેમા એસબીઆઈ એકાઉન્ટ નં. ૪૫૪૮૫ ૩૩૨૧૨૨ Ifsc Code Sbin ૦૦૦૯૦૪૪માં રૂપિયા ૧,૯૬,૩૯૫ તથા કેનરા બેંક એકાઉન્ટ નં. ૧૧૦૩૨૭૧૦૬૦૯૨ Ifsc Code Cnrb૦૦૦૩૦૦૬માં રૂપિયા ૧,૧૧,૩૨૫ કરાવી કુલ રૂપિયા ૩,૦૭,૭૨૦નું ઓનલાઈન ફ્રોડ કરી ઈરાદાપૂર્વક વિદ્યાર્થીને લલચાવી છેતરીપીંડી કરી નાણાં ઓળવી લઈ ગયાની વિદ્યાર્થએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના સુપ્રસિધ્ધ નાગનાથ મંદિર ખાતે શીતલ પરિવાર દ્વારા ધ્વજા રોહણ કરાયુ



અરારેલી, તા. ૧૨/૦૯/૨૦૨૬ ભાદરવા સુદ એકમના પાવન દિવસે શીતલ આઈસ્ક્રીમના એમ.ડી. દિનેશભાઈ ડી. ભુવાની અમરેલીના ઐતિહાસિક અને પૌરાણિક શ્રી નાગનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે નિમણૂક થતાં શીતલ પરિવાર દ્વારા નાગનાથ મહાદેવ મંદિરે ભવ્ય ધ્વજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૌ પ્રથમ દિનેશભાઈ ભુવાના નિવાસસ્થાનેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન ધ્વજાજીને ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક નાગનાથ મહાદેવ મંદિર સુધી લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર અને ધાર્મિક વિધિ સાથે દેવાધિદેવ મહાદેવના પવિત્ર મંદિર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.આ પાવન પ્રસંગે સંતો – મહંતો, ખોડલધામ પરિવાર, લેઉવા પટેલ સમાજ, ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ, લાયન્સ કલબ ઓફ અમરેલી, ડોકટરો, અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, મોટા બસ સ્ટેન્ડ વેપારી એસોસિએશન સહિત વિવિધ સામાજિક, ધાર્મિક, ઔદ્યોગિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનો તથા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ દિનેશભાઈ ડી. ભુવાને નાગનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકેની નવી જવાબદારી માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી તથા તેમના હસ્તે મંદિર અને સમાજની સેવા વધુ ઉત્કૃષ્ટ રીતે થાય તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. હર હર મહાદેવના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

### યુવા નેતા મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં

# અમરેલીમાં નવરચિત સહકારી મંડળીના સદસ્યો માટે બે દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

### વિવિધ સહકારી મંડળીઓના સદસ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો



અમરેલી, તા. ૧૨

અમરેલી ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘના સૌજન્યથી, જિલ્લા રજીસ્ટ્રાર કચેરી અને ઉદયભાનસિંહજી રીજીયોનલ ઈન્સ્ટિટયૂટ ઓફ કો–ઓપરેટિવ મેનેજમેન્ટ (ગાંધીનગર)ના સંયુક્ત ઉપક્રમે એક મહત્વપૂર્ણ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં નવરચિત સહકારી મંડળીઓના સદસ્યો માટેના આ બે દિવસીય પ્રશિક્ષણ કાર્યક્રમનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા મનીષ સંઘાણીએ દેશમાં અલગ સહકાર મંત્રાલયની સ્થાપનાના ઐતિહાસિક મહત્વ પર પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે, નવા સહકાર મંત્રાલયના ગઠનથી સહકારી પ્રવૃત્તિઓને એક નવી ગતિ અને વૈશ્વિક ઓળખ મળી છે.આ તકે તેમણે આગામી સમયમાં આવનારી વિવિધ સહકારી પરિયોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને ઉપસ્થિત સદસ્યોને 'સહકાર થી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા માટે આહવાન કર્યું હતું. તેમણે ઉમેર્યું કે નવી ટેકનોલોજી અને પારદર્શિતા સાથે સહકારી મંડળીઓ ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જિલ્લા રજીસ્ટ્રાર રમેશભાઈ અણિયાળિયા, અમરેલી એપીએમસી ના સેક્રેટરી તુષારભાઈ તેમજ અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝિકયુટિવ ભાર્ગવ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

આ બે દિવસીય સેમિનારમાં જિલ્લાની વિવિધ નવરચિત મંડળીઓ જેવી કે દૂધ મંડળી, ક્રેડિટ મંડળી, સેવા સહકારી મંડળી, કૃષિ લક્ષી મંડળીઓ અને મત્સ્ય ઉદ્યોગ મંડળીઓના સદસ્યોએ મોટી સંખ્યામાં હાજર રહીને સહકારી પ્રવૃત્તિઓ અને વ્યવસ્થાપન અંગેનું જરૂરી પ્રશિક્ષણ મેળવ્યું હતું.

### માણેકપરા સ્થિત વર્ષો જુના

# અમરેલીનાં સત્યનારાયણ મંદિરે જન્માષ્ટમીની શોભાયાત્રાનુ સ્વાગત કરાયું

### મંદિરના સેવક મહેશભાઈએ ધન્યતા અનુભવી



અમરેલી, તા. ૧૨

અમરેલીના માણેકપરા ખાતે આવેલ વર્ષો જુના સુપ્રસિધ્ધ સત્યનારાયણ મંદિરે જન્માષ્ટમી પર્વે આંતર રાષ્ટ્રિય હિન્દુ પરિષદ દ્વારા આયોજીત શોભાયાત્રા આવી પહોંચતા મંદિરના ભકત મનિષભાઈ હરિયાણી અને મહેશભાઈ મસરાણી દ્વારા શોભાયાત્રાનુ ઉત્સાહભેર સ્વાગત કાયુ હતુ.

શોભાયાત્રામાં જોડાયલ ડો. ગજેરા, ડો. દેસાણી, મજબુતભાઈ બસીયા સુરેશાઈ સોલંકી, દડુભાઈ ખાચર, મનસુખભાઈ રૈયાણીનુ પણ સ્વાગત કરાયુ હતુ.

# સાવરકુંડલા બનશે 'અંધાપા મુક્ત': વિદ્યાગુરૂ ફાઉન્ડેશન અને વિઝન ફાઉન્ડેશનનું મહા–અભિયાન શરૂ



અમરેલી, તા. ૧૨

સાવરકુંડલા તાલુકાને આગામી વર્ષોમાં 'અંધાપા મુક્ત' બનાવવાના મહાસંકલ્પ સાથે આરોગ્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વિદ્યાગુરૂ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને મુંબઈ સ્થિત વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના સંયુક ઉપક્રમે આ મહા–અભિયાન હાથ ધરાયું છે. ભારતના જાણીતા નેત્ર ચિકિત્સક અને વિઝન ફાઉન્ડેશનના પ્રણેતા ડો. કુલીનભાઈ કોઠારીના માર્ગદર્શન હેઠળ તાલુકાના તમામ વયજૂથના લોકો સુધી આંખની તપાસ અને સારવારની સુવિધા પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ પ્રકલ્પ હેઠળ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર (ભરોસા બિલ્ડિંગ) ખાતે કાર્યરત આંખના વિભાગને વધુ વ્યાપક બનાવવામાં આવશે. સૌરાષ્ટ્રમાં પ્રથમ તબક્કે સાવરકુંડલા ખાતે મુખ્ય કેન્દ્ર કાર્યરત કરવામાં આવી રહ્યું છે, જયારે આગામી સમયમાં રાજુલા સ્થિત શ્રી મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ખાતે પણ મુખ્ય કેન્દ્ર શરૂ કરવાની યોજના છે.અભિયાન અંતર્ગત નવજાતશિશુથી લઈને વૃદ્ધો સુધીના નાગરિકોની આંખોની નિઃશુલ્ક તપાસ અને જરૂરી સારવાર કરવામાં આવશે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ આરોગ્યસેવા પહોંચે તે માટે જીરા, વંડા, બાઢડા–હાથસણી રોડ સહિતના વિસ્તારોમાં 'વિઝન સેન્ટરો' શરૂ કરવામાં આવશે. આ સેન્ટરો પર લાયકાત ધરાવતા ઓપ્ટોમેટ્રિશિયન અને ટેકનિશિયનો દ્વારા આંખના નંબરની તપાસ, રિફ્રેકશન અને સામાન્ય આંખની તકલીફોનું પ્રાથમિક નિદાન કરવામાં આવશે. ગંભીર સમસ્યા ધરાવતા દર્દીઓને મુખ્ય હોસ્પિટલ ખાતે લાવી નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા વધુ તપાસ, સારવાર તેમજ જરૂરી ઓપરેશનની સુવિધા પૂરી પાડવામાં આવશે. વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને પ્રમુખ હરેશભાઈ મહેતાએ જણાવ્યું કે, ડો. કુલીનભાઈ કોઠારી અને વિઝન ફાઉન્ડેશનના આ ઉમદા વિઝન પ્રકલ્પને સાવરકુંડલામાં લાવવાની તક ગૌરવની વાત છે. આધુનિક ટેકનોલોજી અને તબીબી સેવાઓના સમન્વયથી તાલુકાનો એકપણ નાગરિક દ્રષ્ટિની સમસ્યાને કારણે વંચિત ન રહે તે માટે બંને સંસ્થાઓ પ્રતિબદ્ધ છે.

આ અભિયાનથી ખાસ કરીને ગ્રામ્ય અને જરૂરિયાતમંદ લોકો માટે આંખની સારવાર ઘરઆંગણે ઉપલબ્ધ બનશે અને સમયસર નિદાન તથા સારવાર દ્વારા દ્રષ્ટિ સંબંધિત ગંભીર સમસ્યાઓને અટકાવવામાં મદદમળશે.

### જાફરાબાદ મરીન પોલીસે

# ગુમ થયેલ મોબાઈલ શોધીને મુળ માલિકને પરત કર્યો

### મોબાઈલનાં માલિકે આભાર માન્યો



જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ મરીન પો.સ્ટે.ના I/C પોલીસ ઈન્સ્પેકટર એમ.બી.ગોહીલની સુચના અને માર્ગદર્શનથી જાફરાબાદ મરીન પો.સ્ટે.માં CEIR પોર્ટલનો ઉપયોગ કરી, CEIR પોર્ટલમાં એંટ્રી કરી સતત મોનીટરીંગ રાખી, ગુમ થયેલ મોબાઈલ ફોનને શોધી, રીકવર કરવા માટે કાર્યવાહી કરવા જણાવેલ હોય, જેથી અરજદાર ગૌરાંગભાઈ સુરેશભાઈ સોલંકી રહે.જાફરાબાદ, સામાકાંઠા પરશુરામ સોસાયટી વિસ્તાર જી.અમરેલી વાળાનો મોબાઈલ ગઈ તા.૦૪/૦૯/૨૦૨૬ ના રોજ જાફરાબાદ, સામાકાઠા વિસ્તારમાં રસ્તામાં કયાંક પડી ગયેલ હોય, જેમોબાઈલ શોધી, રીકવર કરી અને મુળ માલીકને પરત સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

### વિવિધ રાઈડસ, ખાણીપીણી અને ખરીદીના સ્ટોલ પર ભારે ભીડ

# બાબરાના પંચકુંડ ખાતે ભાતીગળ લોકમેળામાં ઉમટયો માનવ મહેરામણ

### આજે મોડી રાત સુધી મેળો ચાલુ રહેશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરા શહેરના પંચકુંડ ખાતે શ્રી નીલકંઠ યુવક મંડળ દ્વારા આયોજિત ભાતીગળ લોકમેળામાં દિવસો પસાર થતાં મેળાની રંગત વધુને વધુ જામતી જોવા મળી રહી છે. બાબરા શહેર–તાલુકા ઉપરાંત આસપાસના તેમજ પાડોશી તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં લોકો લોકમેળાની મોજ માણવા ઉમટી પડતાં સમગ્ર મેળા પરિસર માનવ મહેરામણથી ઉભરાઈ રહ્યું છે.


પંચકુંડ ખાતે યોજાયેલા આ લોકમેળામાં નાના–મોટા સે કોઈ માટે મનોરંજનની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. ખાસ કરીને વિવિધ પ્રકારની રાઈડસ બાળકો તેમજ યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. પરિવાર સાથે મેળાની મુલાકાતે આવેલા લોકો રાઈડસની મજા માણવાની સાથે ખાણીપીણીના સ્ટોલ પર વિવિધ વાનગીઓનો સ્વાદ માણી રહ્યા છે. જયારેવિવિધ ચીજ વસ્તુઓના ખરીદીના સ્ટોલ પર પણ લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

લોકમેળાની વિશેષતા એ છે કે અહીં શહેર અને ગ્રામ્ય વિસ્તારના લોકો પરિવારજનો તથા મિત્રો સાથે મોટી સંખ્યામાં આવી મેળાની પરંપરાગત મોજ માણી રહ્યા છે. સાંજ પડતાં જ મેળા પરિસરમાં લોકોની સંખ્યા સતત વધતી જાય છે અને રાત્રિના સમયે સમગ્ર મેળો રોશનીથી ઝગમગી ઊઠતાં મેળાની રંગત બેવડાઈ જાય છે.

લોકમેળામાં આવનાર લોકો શાંતિપૂર્ણ અને આનંદમય વાતાવરણમાં પરિવાર સાથે મેળાની મજા માણી શકે તે માટે આયોજકો દ્વારા પણ સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. આયોજક જગદીશભાઈ વાવડીયા તથા હરેશભાઈ આખજા સહિતની ટીમ દ્વારા મેળામાં આવતા લોકોની સુવિધા અને વ્યવસ્થા અંગે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. દરમિયાન સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા પણ લોકમેળાને ધ્યાને રાખી પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જેના કારણે મેળામાં આવતા લોકો કોઈપણ પ્રકારની અડચણ વિના શાંતિપૂર્ણ માહોલમાં મેળાની મોજ માણી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

રવિવારે મોડી રાત સુધી મેળો ચાલુ રહેશે, આ લોકમેળાને મળેલા જબરદસ્ત પ્રતિસાદને ધ્યાને રાખીને આયોજકો દ્વારા રવિવારે મોડી રાત સુધી મેળો ચાલુ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. જેના પગલે રવિવારે પણ મોટી સંખ્યામાં લોકો પંચકુંડ ખાતે ઉમટી પડે તેવી શકયતા છે. લોકમેળામાં પરિવાર સાથે આનંદ માણવા આવનાર લોકો માટે રવિવારનો દિવસ પણ મનોરંજનથી ભરપૂર રહેવાનો છે.

# સાવરકુંડલાના પત્રકાર ઈકબાલ ગોરીનાં મોટાભાઈનું નિધન થયું



સાવરકુંડલા, તા. ૧૨

સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમાતના ઉપપ્રમુખ અને પત્રકાર ઈકબાલ ગોરીના મોટા ભાઈ તથા મોહસીન ભાઈ ગોરી અને એન્જિનિયર અકીબ ગોરીના પપ્પા તથા દિલાવરભાઈ ગોરીના ભત્રીજા અને સુન્ની મુસ્લિમ જમાતના પ્રમુખ ઈરફાનભાઈ કુરેશીના ફઈના દીકરા અને પત્રકાર ફારૂક કાદરીના સાળા ઈબ્રાહીમભાઈ ફતેમામદ (બચુભાઈ) ગોરી ઉ.વ .૬૧ આજ રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયેલ છે.

મરહૂમની દફન વિધિ બપોરે ૧૨ વાગ્યે નવાકબ્રસ્તાનમાં રાખેલ છે.

અને મરહૂમની જિયારત તા. ૧૪/૦૯/૨૦૨૬ ને સોમવારે સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમ્યાન મદીના મસ્જિદમાં રાખેલ છે અને ઓરતો માટેની જિયારત આઝાદ ચોક ઓડવાડા સિપાહી જમાત ખાનામાં રાખેલ છે.

### કેન્સરનાં રોગનાં પ્રમાણમાં સતત વધારો થતો હોય

# અમરેલી ખાતે કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજમાં સ્તન કેન્સર અંગે જાગૃતી કાર્યક્રમ યોજાયો

### સ્તન કેન્સરનાં કારણો જોખમી પરિબળો સહિતનાં મુદ્દે જાણકારી અપાઈ



અમરેલી, તા. ૧૨

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી ખાતે બહેનોમાં સ્તન કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા તથા સમયસર તપાસ અને વહેલા નિદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપવા માટે તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ કેન્સર અવેર્નેસ પ્રોગ્રામ અંતર્ગત જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારનો મુખ્ય વિષય એજયુકેશનલ એવેર્નેસઓફ બ્રેસ્ટ કેન્સર – સ્ક્રીનીંગ એન્ડ ઈઅરલી ડાયગનોસીસ હતો. સેમિનારમાં બહેનોને સ્તન કેન્સર ના કારણો, જોખમી પરિબળો, પ્રારંભિક લક્ષણો, સ્ક્રિનિંગ ની જરૂરિયાત, વહેલા નિદાન નું મહત્વ તથા કેન્સરથી બચવા માટેની જરૂરી સાવચેતી અંગે સરળ અને વ્યવહાઢ માહિતી આપવામાં આવી હતી. સેમિનારનુંપ્રસ્તુતિકરણ ડો. સ્નેહલ વસૈયા (ફર્સ્ટ ઈયર રેસિડેન્ટ ડોકટર) તથા ડો. ઉર્વશી સુરાણી (સેકન્ડ ઈયર રેસીડેન્ટ ડોકટર) દ્વારા કરવામાં આવ્યું હતું. બંને ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનીટી મેડીસીન, શાંતાબા મેડીકલ કોલેજ અમરેલી સાથે સંકળાયેલા છે. સેમિનાર માટે ડો. તૃષા કનસાગરા, પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનીટી મેડીસીન, શાંતાબા મેડીકલ કોલેજ અમરેલી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સેમિનાર દરમિયાન ખાસ કરીને સ્તન કેન્સરની વહેલી ઓળખ અને સમયસર તપાસ અંગે ભાર મૂકવામાં આવ્યો હતો. બહેનોને સ્તનમાં થતી અસામાન્ય ગાંઠ, કદ અથવા આકારમાં ફેરફાર, ત્વચામાં થતા ફેરફાર તથા અન્ય સંભવિત ચેતવણીરૂપ લક્ષણો અંગે માહિતી આપવામાં આવી હતી. શંકાસ્પદ લક્ષણો જણાય ત્યારે સમયસર તબીબી સલાહ લેવી અને જરૂરી તપાસ કરાવવી કેટલું મહત્વપૂર્ણ છે તે સમજાવવામાં આવ્યું હતું.આ ઉપરાંત, સ્તન કેન્સર અંગે સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતા દૂર કરવા તથા આરોગ્ય પ્રત્યે જાગૃત રહેવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું. સેમિનારમાં બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રશ્નોત્તરી દ્વારા પોતાની શંકાનું નિરાકરણ મેળવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ નો સહયોગ રહ્યો હતો. તેમજ બીસીએ વિભાગમાંથી ધ્રુવિતા સાવલિયા, કરિમા લોખંડવાલા, રક્ષા કણક તથા બાયોલોજી વિભાગમાંથી ભાવનાબેન પારગી દ્વારા આયોજન અને વ્યવસ્થામાં જરૂરી સહયોગ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ જાગૃતિ કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભા ના પ્રમુખ તથા સર્વોત્તમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. અતુલભાઈ પટેલ તેમજ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ચંદ્રવાડિયા દ્વારા સમગ્ર કોલેજ પરિવાર, સેમિનારના પ્રસ્તુતકર્તા, માર્ગદર્શક તથા કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### અમરેલી કલીનઅપ ટીમની રજૂઆત

# ગણેશોત્સવ દરમિયાન મૂર્તિ વિસર્જનથી થતાં નદી અને જળ પ્રદુષણને અટકાવવા યોગ્ય કરો

### પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવવામાં આવ્યો



અમરેલી, તા. ૧૨

અમરેલી કલીનઅપ ટીમ વતી અક્ષતા કાલેએ પાલિકાનાં ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ટૂંક સયમાં જ પવિત્ર ગણેશોત્સવ શરૂ થઈ રહ્યો છે, જે આપણા શહેરમાં ખૂબ જ ઉત્સાહ અને શ્રધ્ધાથી ઉજવવામાં આવે છે. ઉતસવનાં અંતે શહેરના વિવિધ વિસ્તારોમાંથી શ્રીજીની મૂર્તિઓનું વિસર્જન સ્થાનિક નદી, તળાવ તથા જળાશયોમાં કરવામાં આવે છે.

મોટાભાગની મૂર્તિઓ પ્લાસ્ટર ઓફ પેરિસ (પીઓપી) અને કેમિકલયુકત ઝેરી રંગોથી બનેલી હોય છે. આ મૂર્તિઓ લાંબા સમય સુધી પાણીમાં ઓગળતી નથી, જેના કારણે આપણી પવિત્ર નદીઓ અને જળાશયોનું પાણી અત્યંત દુષિત થાય છે. આનાથી જળચર જીવોને મોટું નુકસાન થાય છે તેમજ પર્યાવરણ અને જાહેર આરોગ્ય સામે પણ ગંભીર ખતરો ઉભો થાય છે.આ ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને અમરેલી નગરપાલિકા ધ્વારા કૃત્રિમ વિસર્જન કુંડ : શહેરનાં મુખ્ય વિસ્તારોમાંઅને નદી કિનારે કામચલાઉ મોટા કૃત્રિમ પાણીના કુંડ બનાવવામાં આવે, જેથી નાગરિકો ત્યાં વિસર્જન કરી શકે અને કુદરતી જળસ્ત્રોતો સુરક્ષિત રહે., કુદરતી નદી–તળાવમાં સીધું વિસર્જન ન થાય તે માટે જરૂરી બેરિકેડિંગ અને નગરપાલિકાની ટીમ તૈનાત કરવામાં આવે.

પૂજા સામગ્રી માટે કળશ/કુંભની વ્યવસ્થા: નિર્માલ્ય, ફૂલહાર અને પ્લાસ્ટિક કચરો પાણીમાં ન પધરાવાય તે માટે વિસર્જન સ્થળો પર અલગથી નિર્માલ્ય કળશ મુકવામાં આવે.

નાગરિકો માટીની (ઈકો ફ્રેન્ડલી) મૂર્તિઓનો ઉપયોગ કરે અને ઘરે જ વિસર્જન કરવા પ્રેરાય તે માટે પાલિકા તરફથી અપીલ કરવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

# વરતારા કરનારાઓએ ખેડૂતોને પાયમાલી આપી : વિજ્ઞાન જાથા

અમદાવાદ, તા. ૧૨

પૃથ્વીઉપર કુદરત–પ્રાકૃતિક નિયમોનં માનવી નિયમન ન કરતા વર્તમાન સમયે અકુદરતી ઘટના વારંવાર જોવા મળે છે સાથે જે તે દેશને નુકશાની સાથે માનવ સંહાર આપદા નજરે પડે છે. કાર્બન ડાયોકસાઈડ, નાઈટ્રોજનનું પ્રમાણ વધવા સાથે પૃથ્વી રાત્રે ઠંડી પડવી જોઈએ તે પ્રમાણે થતું નથી. હિમ પર્વતો ઓગળવાનું પ્રમાણ વધી ગયું છે. માનવ સમાજ માટે આલબેલ સાથે શાનમાં સમજી જવા માટે ચેતવણી આપે છે ત્યારે ૨૧ મી સદીમાં વરસાદના વરતારા બંધ થઈ જાય તો ખેડુત–સમાજ કે રાષ્ટ્રને કશું જ નુકશાન નથી. આગાહીકારો પોતાની પ્રસિદ્ધ સાથે કમાણીનું સાધન બનાવતા જોવા મળે છે. જુનાગઢમાં વર્ષા પરિસંવાદમાં હાજરી આપનારા તમામ, અમદાવાદ–ગાંધીનગર, સોરઠ તેમજ અમરેલી જિલ્લાના જયોતિષીની વરસાદના વરતારા સંબંધી તારીખો, વરસાદ–વાવણી વિગેરે અનુમાનોનું કડડભૂસ સાથે ભોં ભેગા થઈ જમીનદોસ્ત સાબિત થયા હોવાથી વરતારાનું ઉઠમણું–બેસણું, ખાંભી રાખી તેની સામે છાજીયા લઈ, આશ્ચર્યજનક કાર્યક્રમ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમ, સદસ્યો, જાગૃત ખેડુતો આપશે. વરતારા કાયમી બંધ કરવા સાથે ખેડૂતોને થયેલી નુકશાનીનું વળતર ચૂકવવાની માંગણી કરનાર છે.

સરકાર વરતારા કરનારા સામે કડક કાનુની કાર્યવાહી કરે તેવી માંગણી જાથા કરનાર છે. સાતદિવસમાં ખેડુતોની માફી માંગી લેવા ચેતવણી આપવામાં આવી છે. –

''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પોલીસ ઈન્સ્પેકટર પી.ડી. ગોહિલ દ્વારા

# વડિયાનાં અમરાપુર અને અનીડા ગામે લોક દરબાર યોજાયો

### ડિજિટલ એરેસ્ટ, સાયબર ફ્રોડથી બચવાના ઉપાયો જણાવાયા



વડિયા, તા. ૧૨

વડિયાના અમરાપુર ગામ ખાતે વડિયા પોલીસ સ્ટેશન દ્વારા પોલીસ લોક દરબાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોટીસંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને પી આઈ પી. ડી. ગોહિલ દ્વારા જીણવટ ભરી માહિતીની લોકો સાથે વાતચીત કરી હતી.

આ તકે વડિયા પોલીસ દ્વારા ગ્રામજનોને સાયબર ફ્રોડથી બચવાના ઉપાયો, ડિજિટલ એરેસ્ટના નામે થતી છેતરપિંડી, ઘરફોડ ચોરીથી સાવચેતી, ગુનો બનતો અટકાવવા માટે જરૂરી પગલાં, કાયદાકીય જાગૃતિ તથા પોલીસની મદદ કયારે અને કેવી રીતે લેવી જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે ખૂબ ઉપયોગી માર્ગદર્શન આપ્યું. સાયબર ગુનાઓ સામે જાગૃત રહેવું ડિજિટલ છેતરપિંડીથી સાવચેતી રાખવી ઘરફોડ ચોરી અટકાવવા તકેદારી રાખવી ગુનો બનતા પહેલાં જરૂરી સાવચેતી રાખવી. જરૂરિયાત સમયે પોલીસનો સંપર્ક કરવો કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી વડિયા પી આઈ પી. ડી. ગોહિલ સાહેબ સાથે સીધો સંવાદ કર્યો અને વિવિધ પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવ્યું હતુ.

સાથે વડિયા પોલીસ સ્ટાફના એએસઆઈ ભાવેશભાઈ ધાધલ હેડકોન્સ્ટેબલ ભરતભાઈ મોરવાડીયા, નિકુંજભાઈ ભુતૈયા ડ્રાઈવર જીતેશગીરી ગોસાઈ સહિતના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આવો લોક દરબાર માત્ર કાયદાકીય જાગૃતિ પૂરતો સીમિત ન રહેતા પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ, સંવાદ અને મિત્રતાનો મજબૂત સેતુ બનેલ છે.

## મહાત્મા ગાંધીની જન્મભૂમિમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં બુટલેગરો બેખૌફ

# લ્યો બોલો : એમ્બ્યુલન્સમાં દર્દીને બદલે દારૂની હેરાફેરી

**બાબરા પોલીસે ૧૯૬૮ બોટલ, એમ્બ્યુલન્સ સહિત ૧૦.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

**ગોંડલનાં ૩૪ વર્ષિય યુવકની પોલીસે અટકાયત કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

**દિ'ઉગેને કોઈનાં કોઈ સ્થળેથી વિદેશી કે દેશી દારૂનો જથ્થો ઝડપાતો હોય ગાંધીવાદીઓ ચિંતિત**

**દારૂબંધીનો કાયદો હોવા છતાં પણ બુટલેગરો કયાં કારણોસર દારૂની હેરફેર કરે છે તે સમજાતુ નથી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા તત્વો સામે બાબરા પોલીસે કડક કાર્યવાહી શરૂ કરી છે. બાબરા પોલીસ સર્વેલન્સ ટીમે ભાવનગર–રાજકોટ હાઈવે પર વોચ ગોઠવી એક ખાનગી એમ્બ્યુલન્સને ઝડપી પાડી હતી. પોલીસ દ્વારા એમ્બ્યુલન્સની તપાસ કરતાં તેમાં ખાસ બનાવવામાં આવેલા ચોરખાનામાં છુપાવેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસે અલગ–અલગ બ્રાન્ડની ૧૮૦ મિ.લી.ની કુલ ૧,૯૬૮ દારૂની બોટલો કિંમત રૂા. ૩,૫૬,૬૮૮ સહિત એમ્બ્યુલન્સ અને મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૧૦,૬૬,૬૮૮નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

અમરેલી જિલ્લામાં દારૂ–જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને વોચ ગોઠવવામાં આવી રહી છે. ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી તથા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ તેમજ લાઠી વિભાગના ઈન્ચાર્જ ડીવાયએસપી ચિરાગ દેસાઈની સૂચનાથી બાબરા પોલીસ ઈન્સ્પેકટર આર.આર. પરમારની રાહબરીમાં પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી તથા હેડ કોન્સ્ટેબલ રાજભા વાઘેલાને ચોક્કસ બાતમી મળી હતી કે એક ખાનગી એમ્બ્યુલન્સ રાજકોટ–ભાવનગર હાઈવે પરથી પસાર થવાની છે. બાતમીના આધારે પોલીસ સ્ટાફે આંબલીધાર વટીને ઉંટવડ તરફ જતા હાઈવે પર વોચ ગોઠવી હતી. બાતમીવાળી એમ્બ્યુલન્સ પસાર થતાં જ પોલીસે તેને ઈશારો કરી અટકાવી હતી અને ચાલકને નીચે ઉતારી વાહનની તપાસ હાથ ધરી હતી. એમ્બ્યુલન્સની ઝીણવટભરી તપાસ દરમિયાન તેમાં ખાસ ચોરખાનું બનાવવામાં આવ્યું હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. આ ચોરખાનું ખોલતાં અંદર અલગ–અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. ગણતરી કરતાં ૧૮૦ મિ.લી.ની કુલ ૧,૯૬૮ બોટલો મળી આવી હતી. જેમાં મેકડોવેલ્સ નં. ૧ ઓરિજિનલ રિઝર્વ વ્હિસ્કીની ૬૭૨ બોટલ કિંમત રૂા. ૧,૩૫,૦૭૨ તથા પોલેન્ડ પ્રાઈડ રિઝર્વ વ્હિસ્કીની ૧,૨૯૬ બોટલ કિંમત રૂા. ૨,૨૧,૬૧૬નો સમાવેશ થાય છે.

પોલીસે દારૂના જથ્થા ઉપરાંત રૂા. ૭ લાખની એમ્બ્યુલન્સ અને રૂા. ૧૦ હજારનો મોબાઈલ ફોન કબ્જે કર્યો હતો. આમ, પોલીસે કુલ રૂા. ૧૦,૬૬,૬૮૮નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરી એમ્બ્યુલન્સ ચાલક સામે ગુજરાત પ્રોહિબિશન એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કેસમાં પોલીસે સાગરભાઈ ઉર્ફે લાલો કમલેશભાઈ ગોહેલ (ઉંમર ૩૪) રહે. મોટી બજાર, ગોંડલ, તા. ગોંડલ, જી. રાજકોટને ઝડપી પાડયો છે.

બાબરા પોલીસની આ કાર્યવાહીમાં પોલીસ ઈન્સ્પેકટર આર.આર. પરમાર, એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ રાજભા વાઘેલા, રમેશભાઈ કોતર તથા પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઈ રામાણી, ગોકળભાઈ રાતડીયા, વિજયભાઈ ચારડીયા અને ભારતભાઈ મકવાણાએ કામગીરી કરી હતી.

### તાલુકા કોંગ્રેસ પ્રમુખ સત્યમ મકાણીની માંગ

## વડિયા–કુંકાવાવ પંથકમાં ઉભા પાકને બચાવવા સૌની યોજનાનું પાણી છોડો

**૭ દિવસમાં પાણી છોડવામાં ન આવે તો આંદોલન**



વડિયા, તા. ૧૨

ગુજરાતનાં સૌરાષ્ટ્ર સહિતનાં અનેક વિસ્તારોમાં ઓછા વરસાદને કારણે દુષ્કાળની સ્થિતિનું નિર્માણ થતુ જોવા મળી રહ્યું છે. હાલ અમુક જિલ્લાઓમાં ખેતીનો પાક નિષ્ફળ તા તરફ છે તો કયાંક હજુ સિંચાઈની સુવીધાઓથી પાક બચતો જોવા મળી રહ્યો છે. ત્યારે આ પાકને બચાવવાં માટે સિંચાઈ અતિ આવશ્યક છે. ત્યારે હાલ વડિયા–કુંકાવાવ તાલુકામાં પાણીનાં તળ નીચે જતા ખેડૂતોનાં ઉભા પાકને બચાવવાનો પડકાર ઊભો થયો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કુંવાવાવ–વડીયા તાલુકા કોંગ્રેસ પ્રમુખ સત્યમ મકાણી દ્વારા અમરેલી જિલ્લા કલેકટર અને વડિયા મામલતદાર વડિયાને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં જણાવ્યા અનુસાર તાલુકાનાં અનેક વિસ્તારોમાં વરસાદનાં અભાવે ખેતરોમાં ઉભો પાક સુકાઈ રહ્યો છે. ખેડૂતો પાક બચાવવા માટે પોતાના કુવાઓમાંથી પાણી મેળવી સિંચાઈ કરી રહ્યા છે, પરંતુ હવે અનેક કુવાઓમાં પણ પાણીનું સ્તર ઘટી ગયું હોવાથી પાણીનાં તળ નીચે ગયા છે. ખેડૂતોની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી ''સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ યોજના (સૌની યોજના)'' નું પાણી તાલુકાનાં જરૂરી ચેકડેમો અને તળાવો અને ડેમમાં પાણી તાત્કાલિક છોડવાની માંગ કરવામાં આવી છે.

જેથી નદીનાં તળ સાજા થતા હૈયાત પાકને બચાવી શકાય. આ રજુવાતમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ દ્વારા સાત દિવસમાં સૌની યોજનાનું પાણી ચેકડેમો અને તળાવોમાં છોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવે તેવી માંગણી કરાઈ છે. સાથે જો આ બાબતે સાત દિવસમાં પાણી છોડવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

હવે જોવાનું એ રહ્યું કે શું વર્તમાન સરકાર કોંગ્રેસ પક્ષનાં નેતાની

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેતીની જમીનનાં વેચાણ બાબતે માથાકુટ

## ધારીનાં બોરડી ગામનાં ખેડૂતને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી મનફાવે તેમ ગાળો આપી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૨

ધારી તાલુકાનાં બોરડી ગામે રહેતા અને ખેતી કરતાં રમેશભાઈ જીવાભાઈ બોરીચાએ તે જ ગામે રહેતા આરોપી ભગાભાઈ જાગાભાઈ કાતરીયા પાસેથી ખેતીની જમીન વેચાણ અર્થે રાખેલ હતી. અને જેના વેચાણખત દરમ્યાન ખેડૂતે આરોપી ભગાભાઈને બાનાપેટે રૂપિયા ૫,૧૫,૦૦૦ રકમ આપેલ હતી. જે બાનાખત ખેડૂત તથા આરોપી વચ્ચે નોટરી લખાણ થયેલ હતું.

જેમાં બાના પેટેના રૂપિયા ૫,૧૫,૦૦૦માંથી ખર્ચનાં રૂપિયા ૧૦,૦૦૦ બાદ કરી બાકીનાં રૂપિયા ૫,૦૫,૦૦૦ની રકમ તા. ૩૦/૫/૨૫ સુધીમાં આરોપીએ ખેડૂતને ચુકવી આપવાની તેવી સમજુતી થયેલ હતી.

જે રકમ આપવાનો સમયગાળો પુરો થતા ખેડૂતે આરોપી

અનુસંધાન પાના ૬ ઉપર

### કૃષિ પ્રધાન વિસ્તારમાં કૃષિકારોની ચિંતામાં વધારો

## અમરેલી જિલ્લામાં સામાન્ય સરેરાશની સામે હજુ પણ વરસાદની નોંધપાત્ર ઘટ

**વરસાદનાં લાંબા વિરામ બાદ મેઘાવી માહોલ જામવાથી નવી આશા**

અમરેલી, તા. ૧૨

અલનીનોની અસર વચ્ચે અમરેલી જિલ્લામાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ખુબ જ ચિંતિત બન્યા છે. અને અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ કરી રહ્યા છે. ત્યારે જિલ્લામાં છલ્લા બે ત્રણ દિવસથી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ સર્જાતા ખેતી ક્ષેત્રે નવી આશા બંધાઈ છે. જો કે સમગ્ર ચોમાસાની સિઝનનાં અત્યાર સુધીનાં વરસાદનાં આંકડા જોતા અમરેલી જિલ્લામાં સામાન્ય સરેરાશની સામે હજુ પણ વરસાદની નોંધપાત્ર ઘટ જોવા મળી રહી છે. અમરેલી જિલ્લાનાં ૧૧ તાલુકામાં અત્યાર સુધીમાં સરેરાશ ૭૪.૩૬ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. ખાસ કરીને જાફરાબાદ તાલુકામાં સૌથી ઓછો ૪૫.૦૩ ટકા વરસાદ

અનુસંધાન પાના ૬ ઉપર








અમરેલી એકસપ્રેસ સમાચારો મોકલવા બાબત

''અમરેલી એકસપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)